**બિનખેતી થયેલ સર્વે નંબરના ગામ નમુના નં.-૭ આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવવા તથા બનેલ પ્રોપર્ટીકાર્ડનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગામ નમુના નં.-૭ બંધ કરવા તેમજ પ્રોપર્ટીકાર્ડને અદ્યતન કરવા બાબત.**

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૯/૦૬/૨૦૨૬

**વંચાણે લીધા:**

(૧) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૦૯૦-૩૯૯૦-હ, તા.-૨૭/૧૨/૧૯૯૫.

(૨) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૦૯૦-૩૯૯૦-હ, તા.-૧૫/૧૦/૨૦૦૧.

(૩) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ/૧૨૨૦૦૪/૨૬૧૪/હ, તા.-૧૬/૦૨/૨૦૦૫.

(૪) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ/૧૨૨૦૦૭/૮૭૩/હ, તા.-૨૦/૦૪/૨૦૦૭.

(૫) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-બીજીટી-૧૧.૨૦૧૪-૧૦૧૭-હ, તા.-૧૯/૧૨/૨૦૧૪.

(૬) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:-એસ.વી-૪/બિખેપ્રો/૨૦૧૭, તા.-૨૩/૦૧/૨૦૧૭.

(૭) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-સીટીએસ-૧૩૨૦૧૮-૨૪૨૧-હ, તા.-૨૦/૦૧/૨૦૨૦.

(૮) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૩૨૦૧૮-૨૪૨૧-હ, તા.-૧૭/૧૧/૨૦૨૧.

**પ્રસ્તાવના:**

રાજ્યમાં હાલમાં બિનખેતી હુકમ અને મંજુર થયેલ પ્લાન તથા અન્ય આનુષાંગિક રેકર્ડ આધારે બિનખેતી જમીનની ડેટાએન્ટ્રી કરી પ્રોપર્ટીકાર્ડ બનાવવામાં આવે છે. વંચાણે લીધેલ (૧) થી (૪) ના પરિપત્રની સુચના મુજબ બિનખેતી થયેલ જમીનના નવા પ્રોપર્ટીકાર્ડ બનતાં ગામ નમુના નં.-૭ બંધ કરવા માટે ચુસ્તપણે અમલ કરવો જરૂરી જણાય છે તેમજ વંચાણે લીધેલ (૫) થી (૮) ના પરિપત્ર/ઠરાવથી બિનખેતી જમીનના પ્રોપર્ટીકાર્ડ બનાવવા માટેની કાર્યપદ્ધતિ મુકરર કરવામાં આવેલ. આ બાબતે અલગ-અલગ કિસ્સામાં હાથ ધરવાની કાર્યવાહી બાબતે આવશ્યક સૂચનાઓ પરિપત્રિત કરવાની બાબત સરકારશ્રીની પુખ્ત વિચારણા હેઠળ હતી. જે પરત્વે આથી નીચે મુજબની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવે છે.

## -:પરિપત્ર:-

❖ કાર્યપધ્ધતિ:-

### પ્રકાર-૧

**બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ ચાલુમાં હોય અને તેનું પ્રોપર્ટીકાર્ડ પણ બની ગયેલ હોય તો પ્રોપર્ટીકાર્ડનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવા બાબત.**

**(૧) ઉપર મુજબના કિસ્સામાં નીચેના ૪(ચાર) પ્રકારના કેસો ધ્યાને આવેલ છે.**

1. એક ગા.ન.નં.-૭ સામે એક પ્રોપર્ટીકાર્ડ/ One VF-7 to One Property Card
   - ગા.ન.નં.-૭ ના એક બિનખેતી પાનીયું ચાલતું હોય તથા તેનું સબંધિત માત્ર મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય, (એક જ ગામ નમુના નં.-૭ ના પાનીયાંમાં સબ-પ્લોટોની નોંધ પડેલ હોય તેવા કિસ્સાઓ સહિત)
2. એક ગા.ન.નં.-૭ સામે એકથી વધારે પ્રોપર્ટીકાર્ડ/ One VF-7 to Multi Property Card
   - એક જ ગામ નમુના નં.-૭ ચાલતો હોય તથા મુળ પ્રોપર્ટીકાર્ડના સબ પ્લોટ મુજબ તથા બહુમાળી મિલકતના કિસ્સામાં એકમ (મલ્ટીપલ) પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય,
3. એકથી વધારે ગા.ન.નં.-૭ સામે એક જ પ્રોપર્ટીકાર્ડ/ Multi VF-7 to One Property Card
   - એક કરતાં વધારે ગામ નમુના નં.-૭ (પ્લોટવાઇઝ/એક કરતાં વધુ પૈકી) ચાલતાં હોય તથા એક જ મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ ચાલતું હોય,
4. એકથી વધારે ગા.ન.નં.-૭ સામે એકથી વધારે પ્રોપર્ટીકાર્ડ/ Multi VF-7 to Multi Property Card
   - એક કરતાં વધારે ગામ નમુના નં.-૭ (પ્લોટવાઇઝ/એક કરતાં વધુ પૈકી) ચાલતા હોય તથા પ્લોટવાઇઝ અથવા બહુમાળી મિલકતના કિસ્સામાં એકમ-વાઇઝ પ્રોપર્ટીકાર્ડ ચાલતા હોય,

- **ઉપરોક્ત કિસ્સાઓ બનવાના કારણો મુખ્યત્વે નીચેના કોષ્ટકમાં જણાવેલ છે.**

| A<br>(૧૦૦% ક્ષેત્રફળ મળી રહેતું હોય) | B<br>(રી-સર્વેમાં વધ-ઘટના કિસ્સા) | C<br>(પૈકી ક્ષેત્રફળના કિસ્સા) | D<br>(ટી.પી. ના કિસ્સા) |
|---|---|---|---|
| હાલનાં ગા.ન.નં.-૭ ના ૧૦૦ % ક્ષેત્રફળ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો, | જુના સર્વે નંબરના ગા.ન.નં.-૭ ના ક્ષેત્રફળ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય અને ત્યારબાદ રી-સર્વે પ્રમોલગેશન થતાં હાલનાં ગા.ન.નં.-૭ અને પ્રોપર્ટીકાર્ડના ક્ષેત્રફળમાં વધ-ઘટ થયેલ હોય તો, | સર્વે નંબરના ગા.ન.નં.-૭ ના પાનીયાંના કુલ ક્ષેત્રફળના પૈકી હિસ્સાનું પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો, | ટી.પી.ના ફાઇનલ પ્લોટ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો, |

**(૨) ઉપર દર્શાવેલ (1) થી (4) કિસ્સાઓ પૈકી લાગુ પડતા કિસ્સા મુજબ** મુળ પ્રોપર્ટીકાર્ડ અથવા પ્લોટવાઇઝ/બહુમાળી મિલકતના કિસ્સામાં એકમ-વાઇઝ બનેલ પ્રોપર્ટીકાર્ડ (એક કે તેથી વધુ) સાથે ગામ નમુના નં.-૭ (એક કે તેથી વધુ) નું મેપીંગ કરી ક્ષેત્રફળ વેરીફાય કરવાનું રહેશે.

**(૩) મેપીંગની કાર્યવાહી પૂર્ણ થાય ત્યારે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.**

**(અ) ગામ નમુના નં.-૭ બંધ કરવા નીચેની કાર્યપધ્ધતિ અનુસરવી.**

- મેપીંગ કર્યા બાદ લાગુ પડતી કેટેગરી A, B, C તથા D પ્રમાણે **ફ્લોચાર્ટ-1** તથા **User manual-1** માં દર્શાવ્યા મુજબ આગળની કાર્યવાહી કરવાની રહેશે તથા કાર્યવાહીના અંતે ગામ નમૂના નં.૭ બંધ કરવા બાબતે સક્ષમ સત્તાધિકારીની સહીથી આ સાથે સામેલ **પરિશિષ્ટ-1** મુજબનો હુકમ કરવાનો રહેશે.
- ઉપર મુજબ કાર્યવાહી થયેથી પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તે કિસ્સામાં સંબંધિત ગામ નમુના નં.-૭ બંધ કરવાની ફેરફાર નોંધ દાખલ કરવાની રહેશે..
- ઉપરોક્ત વિગતે કાર્યવાહી થયેથી બિનખેતી હુકમ આધારે બનેલ પ્રોપર્ટીકાર્ડનું સંબંધિત ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૬ માં ઉપર મુજબ ફેરફાર નોંધ દાખલ થઈ પ્રમાણિત થયેથી ગા.ન.નં.-૭ બંધ થયા પહેલાંની સ્થિતિએ ગા.ન.નં.-૭ ની વિગતો તેમજ બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગતો (જીલ્લો, સિટી સરવે કચેરી, સિટી સરવે વોર્ડ, શીટ નંબર, સિટી સરવે નંબર, ક્ષેત્રફળ વિગેરે) AnyROR પર "બિનખેતી હુકમથી બંધ થયેલ સરવે નંબરની વિગતો જાણવા" ના ઓપ્શનમાં જોઈ શકાશે.

**(બ) પ્રોપર્ટીકાર્ડ અધતન કરવા નીચેની કાર્યપધ્ધતિ અનુસરવી.**

- જો બીનખેતી હુકમ આધારે મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડમાં સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝની હુકમી નોંધથી ગા.ન.નં.-૭ ના અધતન ડેટા આધારે પ્રોપર્ટીકાર્ડમાં ધારણકર્તા તથા બીજા હક્કની વિગતો અધતન કરવાની રહેશે. (લે-આઉટ રજુ થયેથી લે-આઉટ આધારે પ્રોપર્ટીકાર્ડ અલગ કરવાના રહેશે તેમજ લે-આઉટ મુજબનું ક્ષેત્રફળ આખરી ગણવાનું રહેશે.)
- જો પ્રોપર્ટીકાર્ડની વિગતો અધતન ન હોય તો તે કિસ્સામાં જો લે-આઉટ પ્લાન આધારે પ્લોટ મુજબના પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો સંબંધિત પ્લોટવાઇઝ/એકમ-વાઇઝ પ્રોપર્ટીકાર્ડમાં સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝની હુકમી નોંધથી ગા.ન.નં.-૭ ના અધતન ડેટા આધારે અધતન ધારણકર્તાના નામ તથા બીજા હક્કની વિગતો જે તે પ્લોટ-વાઇઝ/ એકમના પ્રોપર્ટીકાર્ડમાં અધતન કરવાની રહેશે. (લે-આઉટ મુજબનું ક્ષેત્રફળ આખરી ગણવાનું રહેશે.)

**(૪)** આ હેતુ માટે કાર્યવાહી કરવા સમજૂતી અર્થે **માર્ગદર્શીકા-૧** આ સાથે સામેલ છે.

## <u>પ્રકાર-૨</u>

## બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવાના થતા હોય ત્યાં કરવાની કાર્યવાહી.

**(૧)** CSIS સોફ્ટવેરમાં બીનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટા એન્ટ્રી મોડ્યુલમાં **"VF-7 ડેટા આધારે નવા પ્રોપર્ટીકાર્ડ બનાવવા"** મોડ્યુલમાં બિનખેતી થયેલ સર્વે નંબરના ગામ નમુના નં.-૭, ૬ વિગેરેના ડેટા આધારે પરિપત્રમાં દર્શાવેલ વંચાણે લીધેલ (૫) થી (૮) મુજબના પરિપત્ર/ઠરાવથી બિનખેતી હુકમ તથા મંજુર થયેલ પ્લાન આધારે અથવા તો અન્ય આનુષાંગિક રેકર્ડ આધારે બનેલ હોય તેમજ અન્ય કોઇ યોજના હેઠળ પ્રોપર્ટીકાર્ડ બનેલ

હોય તો પ્રોપર્ટીકાર્ડ ડુપ્લીકેશન બને નહીં તે માટે અગાઉ કોઈપણ યોજના હેઠળ કે બિનખેતી મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ છે કે કેમ તે અંગેની ચકાસણી કરવાની રહેશે.

**(૨)** ચકાસણી બાદ જો પ્રોપર્ટીકાર્ડ બનાવવાનું થતું હોય તે કિસ્સામાં બિનખેતી હુકમ મુજબના ક્ષેત્રફળ તથા હાલમાં કાર્યરત ગા.ન.નં.-૭ ના ક્ષેત્રફળની ચકાસણી કરી **ફ્લોચાર્ટ-૨** માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરી નીચે કોષ્ટકમાં દર્શાવેલ કેટેગરી ધ્યાને લઈ પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવાનું રહેશે.

| **કેટેગરી** | | | |
|---|---|---|---|
| **A**<br>(૧૦૦% ક્ષેત્રફળ મળી રહેતું હોય) | **B**<br>(રી-સર્વેમાં વધ-ઘટના કિસ્સા) | **C**<br>(પૈકી ક્ષેત્રફળના કિસ્સા) | **D**<br>(ટી.પી. ના કિસ્સા) |
| હાલનાં ગા.ન.નં.-૭ ના ૧૦૦ % ક્ષેત્રફળ મુજબ બિનખેતી થયેલ હોય તો, | જુના સર્વે નંબરના ગામ નમુના નં.-૭ ના ક્ષેત્રફળ મુજબ બિનખેતી થયેલ હોય અને ત્યારબાદ રી-સર્વે પ્રમોલગેશન થતાં હાલનાં ગા.ન.નં. ૭ ના ક્ષેત્રફળમાં વધ-ઘટ થયેલ હોય તો, | સર્વે નંબરના ગા.ન.નં.-૭ ના કુલ ક્ષેત્રફળના પૈકી હિસ્સાનું બિનખેતી થયેલ હોય તો, | ટી.પી.ના ફાઈનલ પ્લોટ મુજબ બિનખેતી થયેલ હોય તો, |

**(૩)** ઉપર મુજબ કાર્યવાહી થયા બાદ પ્રોપર્ટીકાર્ડ બન્યેથી બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગત સાથે સંબંધિત ગામ નમુના નં.-૭ બંધ કરવાની ફેરફાર નોંધ દાખલ કરવાની રહેશે. વિગતવાર કાર્યપદ્ધતિ **ફ્લોચાર્ટ-2** તથા **User manual-2** માં દશાવેલ છે.તે ધ્યાને લઈ સક્ષમ સત્તાધિકારીની સહીથી આખરી હુકમ **પરિશિષ્ટ-2** મુજબ કરવાનો રહેશે.

**(૪)** બિનખેતી હુકમ આધારે બનેલ પ્રોપર્ટીકાર્ડનું સંબંધિત ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૬ માં ઉપર મુજબ ફેરફાર નોંધ દાખલ થઈ પ્રમાણિત થયેથી ગા.ન.નં.-૭ બંધ થયા પહેલાંની સ્થિતિએ ગા.ન.નં.-૭ ની વિગતો તેમજ બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગતો (જીલ્લો, સિટી સરવે કચેરી, સિટી સરવે વોર્ડ, શીટ નંબર, સિટી સરવે નંબર, ક્ષેત્રફળ વિગેરે) AnyROR પર "બિનખેતી હુકમથી બંધ થયેલ સરવે નંબરની વિગતો જાણવા" ના ઓપ્શનમાં જોઈ શકાશે.

**(૫)** આ હેતુ માટે કાર્યવાહી કરવા સમજૂતી અર્થે **માર્ગદર્શીકા-૨** આ સાથે સામેલ છે.

## પ્રકાર-૩

## બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ બંધ છે અને પ્રોપર્ટીકાર્ડ બનેલ છે પરંતુ અધતન નથી તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડ અધતન કરવા બાબત.

**(૧)** જો કોઇ સર્વે નંબરમાં સક્ષમ અધિકારીશ્રીના હુકમ આધારે બિનખેતી હુકમ થયા બાદ ગામ નમુના નં.-૭ માં થયેલ ફેરફાર નોંધોની વિગત જો પ્રોપર્ટીકાર્ડમાં અધતન થયેલ ન હોય તો ગામ નમુના નં.-૭ તથા ગામ નમુના નં.-૬ ના ડેટા આધારે રેકર્ડ ઓફ રાઈટ્સમાં અધતન સ્થિતિની વિગતોની (ધારણકર્તા તથા બીજા હક્ક સહિતની વિગતો) ચકાસણી કરી સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ દ્વારા વિગતવાર હુકમ કરી પ્રોપર્ટીકાર્ડમાં હુકમી નોંધ દાખલ કરી અધતન કરવાની રહેશે.

**નોંધ:-** પ્લોટવાઇઝ/બહુમાળી મિલકતના કિસ્સામાં લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ક્ષેત્રફળ આખરી ગણવાનું રહેશે. (જેમકે, એક ગા.ન.નં.૭ બિનખેતી થયા બાદ મેન્યુઅલી ડેટા એન્ટ્રી દ્વારા મુળ (મધર)/એક કરતાં વધુ પ્રોપર્ટીકાર્ડ જનરેટ કરેલ હોય, પરંતુ ગા.ન.નં.-૭ બંધ કરવાનો રહી ગયેલ અને બાદમાં તબદીલીઓની ફેરફાર નોંધ પ્રોપર્ટીકાર્ડના બદલે ગા.ન.નં.-૭ માં પડેલ હોય અને ત્યારબાદ ગા.ન.નં.-૭ બંધ કરેલ હોય તે કિસ્સામાં)

- ઉ.દા.:-
  - કોઇ "A" નામના ખાતેદારો દ્વારા ગા.ન.નં.-૭ નું બિનખેતી કરાવી અનુક્રમે "B"તથા "C" નામના ખાતેદારોને વેચાણ આપવામાં આવેલ. જે આધારે ગા.ન.નં.-૭ માં "C" મુજબના ખાતેદારોના નામ દાખલ થયેલ છે. ત્યારબાદ સદરહુ ગા.ન.નં.-૭ બંધ થયેલ છે.
  - જો ઉકત કિસ્સામાં હાલમાં બિનખેતી હુકમ આધારે બનેલ પ્રોપર્ટીકાર્ડમાં બિનખેતી કરાવનાર "A" ધારણકર્તાના નામ ચાલતા હોય તો ગા.ન.નં.-૭ બંધ થયાની સ્થિતિની વિગતો AnyROR પરથી અથવા ગામ નમૂના નં.૭ તથા ગામ નમૂના નં.૬ માં દાખલ થયેલ ફેરફાર નોંધની ખાત્રી કરી જરૂર જણાયે ઈ-ધરા રેકર્ડથી ખાત્રી કરીને અદ્યતન સ્થિતિ "C" મુજબના ખાતેદારોની અદ્યતન વિગત સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેકટર લેન્ડ રેકર્ડ્ઝ દ્વારા હુકમ કરી પ્રોપર્ટીકાર્ડ અદ્યતન કરવાના રહેશે.

**(૨)** આ ઉપરાંત જો બીનખેતી હુકમ આધારે મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડમાં સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેકટર લેન્ડ રેકર્ડ્ઝની હુકમી નોંધથી ગા.ન.નં.-૭ ના અદ્યતન ડેટા આધારે પ્રોપર્ટીકાર્ડમાં ધારણકર્તા તથા બીજા હક્કની વિગતો અદ્યતન કરવાની રહેશે. (લે-આઉટ રજુ થયેથી લે-આઉટ આધારે પ્રોપર્ટીકાર્ડ અલગ કરવાના રહેશે તેમજ લે-આઉટ મુજબનું ક્ષેત્રફળ આખરી ગણવાનું રહેશે.)

**(૩)** જો પ્રોપર્ટીકાર્ડની વિગતો અદ્યતન ન હોય તો તે કિસ્સામાં જો લે-આઉટ પ્લાન આધારે પ્લોટ મુજબના પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો સંબંધિત પ્લોટવાઇઝ/એકમ-વાઇઝ પ્રોપર્ટીકાર્ડમાં સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેકટર લેન્ડ રેકર્ડ્ઝની હુકમી નોંધથી ગા.ન.નં.-૭ ના અદ્યતન ડેટા આધારે અદ્યતન ધારણકર્તાના નામ તથા બીજા હક્કની વિગતો જે તે પ્લોટ-વાઇઝ/ એકમના પ્રોપર્ટીકાર્ડમાં અદ્યતન કરવાની રહેશે. (લે-આઉટ મુજબનું ક્ષેત્રફળ આખરી ગણવાનું રહેશે.)

ઉકત તમામ કાર્યવાહી સંદર્ભે સંકલન, દેખરેખ અને માર્ગદર્શનની જવાબદારી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની રહેશે.

ઉકત સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

DNimavat

**(ડી.બી.નિમાવત)**

**નાયબ સચિવ (સ્ટેમ્પ),**

**મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.**

**%બિડાણ:** ફ્લોચાર્ટ-૧, User manual-૧, હુકમનો નમુનો પરિશિષ્ટ-૧, માર્ગદર્શિકા-૧

ફ્લોચાર્ટ-૨, User manual-૨, હુકમનો નમુનો પરિશિષ્ટ-૨, માર્ગદર્શિકા-૨

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ, સચિવાલય ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમીશનર અને હોદ્ધાની રૂએ સચિવશ્રી (જ.સુ.) મહેસૂલ વિભાગના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ તપાસણી કમિશ્નર અને હોદાની રૂએ સચિવશ્રી, મહેસૂલ વિભાગના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ખ-૫ સર્કલ પાસે, સેકટર-૧૪, ગાંધીનગર તરફ આ કામગીરી સાથે સંકળાયેલ તમામને આ સુચનાઓથી અવગત કરવાની વિનંતી સહ.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ આ કામગીરી સાથે સંકળાયેલ તમામને આ સુચનાઓથી અવગત કરવાની વિનંતી સહ.
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી, સ્ટેટ મોનિટરીંગ સેલ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર (NIC), સચિવાલય, ગાંધીનગર તરફ સોફ્ટવેરમાં લાગુ પડતા આનુષાંગિક ફેરફારો કરવાની વિનંતી સહ.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ પરિપત્રની નકલ વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ-૨૦૨૬.

(મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક:RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.)

## ફ્લોચાર્ટ-1

**બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ ચાલુમાં હોય અને તેનું પ્રોપર્ટીકાર્ડ પણ બની ગયેલ હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવા બાબત**

**Page- 1/2**




(પાછળના પાન ઉપર)




<u>**નોંધ:-**</u>

**(૧)** મોજે:......, તા......., જિ....... ના ગામ નમુના નં.-૭ મુજબના સર્વે /બ્લોક નં-....... વાળી જમીનનું જિલ્લો........., સિટી સરવે ઓફીસ..........., સિટી સરવે વોર્ડ........., સિટી સરવે નંબર:.........., ક્ષેત્રફળ (ચો.મી.):.......... થી પ્રોપર્ટીકાર્ડ બની ગયેલ હોઈ હવે પછીની તમામ ફેરફાર નોંધો પ્રોપર્ટીકાર્ડમાં કરવાની રહેશે તથા સદરહુ ગામ નમુના નં.-૭ બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

## મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.

## <u>ફ્લોચાર્ટ-2</u>

**બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ આધારે પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવા બાબત.**






(પાછળના પાન ઉપર)




**<u>નોંધ:-</u>**

**(૨) મોજે:........., તા.........., જિ....... ના સર્વે/બ્લોક નંબર......... વાળી જમીન ગામ નમુના નં.-૬ ના હક્કપત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર.........., તા............થી બિનખેતી થયેલ છે. જેની ગામ નમુના નં.-૭ ના છેલ્લી સ્થિતિના ડેટા આધારે સદરહુ બિનખેતી સર્વે/બ્લોક નંબરનું પ્રોપર્ટીકાર્ડ બની ગયેલ હોઈ હવે પછીની તમામ ફેરફાર નોંધો પ્રોપર્ટીકાર્ડમાં કરવાની રહેશે તથા સદરહુ ગામ નમુના નં.-૭ બંધ કરવામાં આવે છે. બનેલ પ્રોપર્ટીકાર્ડ ની વિગત ------------ જિલ્લો:........, સીટી સરવે કચેરી:....... સિટી સરવે વોર્ડ:....... શીટ નંબર:...... સીટી સરવે નંબર: ......., ક્ષેત્રફળ:..........**

**મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.**

# USER MANUAL-1

**(બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ ચાલુમાં હોય અને તેનું પ્રોપર્ટીકાર્ડ પણ બની ગયેલ હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવા બાબત.)**

1. સૌપ્રથમ ડેટા એન્ટ્રી કરનાર (મેન્ટેનન્સ/સિનિયર સર્વેયર) દ્વારા https://csis.gujarat.gov.in/ પર લોગીન કરી બીનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટા એન્ટ્રી મોડ્યુલમાં **"બનેલ સિ.સ.નં. આધારે VF7 નું મેપીંગ/બંધ કરવા"** મોડ્યુલમાં મેપીંગ કરવાપાત્ર સિટી સરવે નંબર ડ્રોપ ડાઉનથી સિલેક્ટ કરી **"Get"** બટન પર ક્લીક કરવાનું રહેશે. જે મુજબ પસંદ કરેલ સિટી સરવે નંબરના પ્રોપર્ટીકાર્ડની વિગત જોઈ શકાશે. ("View PCard" પર ક્લીક કરવાથી સિલેક્ટ કરેલ સિટી સર્વે નંબરના પ્રોપર્ટીકાર્ડની નકલ જોઈ શકાશે.)




2. પસંદ કરેલ સિટી સરવે નંબરને સંબંધિત મેપીંગ કરવાપાત્ર બિનખેતી થયેલ રેવન્યુ સર્વે નંબર ડ્રોપ ડાઉનથી સિલેક્ટ કરી **"Get"** બટન પર ક્લીક કરવાનું રહેશે. જે મુજબ પસંદ કરેલ બિનખેતી થયેલ રેવન્યુ સર્વે નંબરના લેટેસ્ટ ગામ નમુના નં.-૭ મુજબની વિગત નીચે મુજબ જોઇ શકાશે.



3. સિટી સરવે નંબર તથા બિનખેતી રેવન્યુ સર્વે નંબર ડ્રોપડાઉનથી સિલેક્ટ કર્યેથી **જો પ્રોપર્ટીકાર્ડ અને VF7 મેપીંગ કરવાપાત્ર હોય તો** (એક કે એકથી વધારે ગા.ન.નં.-૭ નાં પાનીયાં ચાલતાં હોય તો સંબંધિત તમામ પાનીયાં) નીચેની વિગતે લાગુ પડતા કિસ્સા મુજબ મેપીંગ કરવા માટે નીચે દર્શાવેલ વિગતે **"પસંદ કરો"** બટન પર કલીક કરવાનું રહેશે.

- મુળ પ્રોપર્ટીકાર્ડ તથા ગા.નં.-૭ એક જ ચાલતો હોય તો મેપીંગ કરવાપાત્ર ગા.ન.નં.-૭ નો સર્વે નંબર સિલેક્ટ કરશે. **(One VF-7 to One Property Card)**
- મુળ પ્રોપર્ટીકાર્ડનું વિભાજન થઈ એક કરતાં વધુ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય અને ગા.ન.નં.-૭ એક ચાલતો હોય તો મુળ પ્રોપર્ટીકાર્ડ સાથે ગા.ન.નં.-૭ નું મેપીંગ કરવું. **(One VF-7 to Multi Property Card)**
- મુળ પ્રોપર્ટીકાર્ડ સામે એક કરતાં વધારે ગા.ન.નં.-૭ ચાલતા હશે તો મુળના મિલકત કાર્ડ સાથે સંબંધિત ગા.ન.નં-૭ સાથે મેપીંગ કરવું. **(Multi VF-7 to One Property Card)**
- મુળ પ્રોપર્ટીકાર્ડનું વિભાજન થઈ એક કરતાં વધુ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય અને ગા.ન.નં.-૭ એક કરતાં વધુ ચાલતાં હોય તે કિસ્સામાં મુળના મિલકત કાર્ડ સાથે સંબંધિત ગા.ન.નં-૭ સાથે મેપીંગ કરવું. **(Multi VF-7 to Multi Property Card)**




4. ઉક્ત વિગતે પસંદ કરેલ સિટી સરવે નંબર મુજબ મેપીંગ કરવાપાત્ર બિનખેતી રેવન્યુ સર્વે નંબર (VF7) મુદ્દા નં.-2 ની વિગતે ચકાસતાં હાલ ચાલુમાં ન હોય તો નીચે દર્શાવેલ વિગતે **"ગા.ન.નં.-૭ ચાલુમાં નથી"** તે બટન પર કલીક કરવાનું રહેશે.




5. બિનખેતી રેવન્યુ સર્વે નંબર જો ચાલુમાં હોય તો બિનખેતી થયા અંગેની ગા.ન.નં.-૬ ની નોંધ ચકાસી તે નોંધ આધારે નીચે દર્શાવેલ વિગતે પ્રોપર્ટીકાર્ડનું ક્ષેત્રફળ તથા મેપીંગ કરેલ ગા.ન.નં.-૭ (VF7) ના તમામ પાનીયાંઓનું કુલ ક્ષેત્રફળ ચકાસી લાગુ પડતી કોઇ એક કેટેગરી સિલેક્ટ કરવાની રહેશે.




**A.** જો ગામ નમુના નં.-૭ ના કુલ ક્ષેત્રફળ મુજબ જ પ્રોપર્ટીકાર્ડનું ક્ષેત્રફળ ચાલતું હોય (ગા.ન.નં.-૭ તથા પ્રોપર્ટીકાર્ડનું ૧૦૦% ક્ષેત્રફળ મળી રહેતું હોય) તો **"હાલનાં ગા.ન.નં.-૭ માં દર્શાવેલ ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી"** તે બટન સિલેક્ટ કરી નીચે મુજબ જરૂરી **"Remarks"** દાખલ કરી **"Submit to Verify"** બટન પર ક્લીક કરવાથી ગા.ન.નં.-૭ નું પ્રોપર્ટીકાર્ડ સાથે મેપીંગ કરવા માટે સદરહુ સિટી સરવે નંબર આગળની કાર્યવાહી માટે વેરીફાયર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) ના લોગીનમાં ઉપલબ્ધ થશે.

**B.** જો ગામ નમુના નં.-૭ ના કુલ ક્ષેત્રફળ મુજબ મુળ પ્રોપર્ટીકાર્ડના ક્ષેત્રફળમાં વિસંગતતા હોય પરંતુ ગા.ન.નં.-૭ બંધ કરવાપાત્ર હોય (જેમ,કે રી-સર્વેના કારણે તથા અન્ય કારણોસર) તો **"રી-સર્વે પ્રમોલગેશન બાદ ક્ષેત્રફળમાં વિસંગતતા (જુના ગા.ન.નં.-૭ નું ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી"** તે બટન સિલેક્ટ કરી નીચે મુજબ જરૂરી **"Remarks"** દાખલ કરી **"Submit to Verify"** પર ક્લીક

કરવાથી ગા.ન.નં.-૭ નું પ્રોપર્ટીકાર્ડ સાથે મેપીંગ કરવા માટે સદરહુ સિટી સરવે નંબર આગળની કાર્યવાહી માટે વેરીફાયર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) ના લોગીનમાં ઉપલબ્ધ થશે.

**C.** જો ગા.ન.નં.-૭ માં દર્શાવેલ કુલ ક્ષેત્રફળના પૈકી હિસ્સા મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો **"પૈકી ક્ષેત્રફળ બિનખેતી"** તે બટન સિલેક્ટ કરી નીચે મુજબ જરૂરી **"Remarks"** દાખલ કરી **"Submit to Verify"** પર ક્લીક કરી મેપીંગ કરવાનું રહેશે.

**D.** જો ટી.પી.વિસ્તારમાં ગામ નમુના નં.-૭ ના કુલ ક્ષેત્રફળના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તે મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો **"ટી.પી.ના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી"** તે બટન સિલેક્ટ કરી નીચે મુજબ જરૂરી **"Remarks"** દાખલ કરી **"Submit to Verify"** પર ક્લીક કરી મેપીંગ કરવાનું રહેશે.







6. Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા https://csis.gujarat.gov.in/ પર લોગીન કરી બિનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટા એન્ટ્રી મોડ્યુલમાં નીચે મુજબ **"બનેલ સિ.સ.નં. આધારે VF7 નું મેપીંગ/બંધ કરવા (વેરીફીકેશન)"** મોડ્યુલમાં જઈ મે.સ. દ્વારા ઉપરોક્ત વિગતે Submit કરેલ **"સિટી સર્વે નંબર"** ડ્રોપ-ડાઉનથી સિલેક્ટ કરી **"Get"** બટન પર ક્લીક કરવાનું રહેશે.




6.1.ઉક્ત વિગતે ડેટા એન્ટ્રી કરનાર દ્વારા જો **મુદ્દા નં.-5(A) તથા 5(B) મુજબ** કાર્યવાહી કરેલ હશે તો તે કિસ્સામાં નીચે પ્રમાણે Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા પોતાનાં લોગીનમાં ડેટા એન્ટ્રી કરનાર દ્વારા કરેલ કામગીરીની વિગતો જોઇ ચકાસી જરૂરી **"Verification Remarks"** આપી **"Generate Order"** પર ક્લીક કર્યેથી ગા.ન.નં.-૭ તથા પ્રોપર્ટીકાર્ડનું મેપીંગ કરવા અંગેનો હુકમ ઓટો જનરેટ થશે. જે ડાઉનલોડ કરી વેરીફીકેશન અધિકારીશ્રી (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા સહિ-સિક્કા કરી પ્રમાણિત કરવાનો રહેશે.




6.2.ઉક્ત વિગતે ડેટા એન્ટ્રી કરનાર દ્વારા જો ઉક્ત **મુદ્દા નં.-5(C) મુજબ** કાર્યવાહી કરેલ હશે તો તે કિસ્સામાં નીચે પ્રમાણે Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા પોતાનાં લોગીનમાં ડેટા એન્ટ્રી કરનાર દ્વારા કરેલ કામગીરીની વિગતો જોઇ ચકાસી જરૂરી **"Verification Remarks"** આપી **પરિપત્રની કેટેગરી "C" મુજબ** કાર્યવાહી કરવા ગામ નમુના નં.-૭ ના રેકર્ડ ઓફ રાઇટ્સમાં પડેલ ફેરફાર નોંધોની ચકાસણી કરી **બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગત દર્શાવી પ્રોપર્ટીકાર્ડ મુજબનું ક્ષેત્રફળ ગા.ન.નં.-૭ માંથી કમી કરવા તથા હાલનાં ગા.ન.નં.-૭ માંથી જો કોઇ ધારણકર્તાના નામ કમી કરવાના થતા હોય તો તેની વિગત સાથેનો મેન્યુઅલી વિગતવાર હુકમ** કરવાનો રહેશે.




6.3. ઉક્ત વિગતે મે.સ./સિ.સ. દ્વારા જો ઉક્ત **મુદ્દા નં.-5(D) મુજબ** કાર્યવાહી કરેલ હશે તો તે કિસ્સામાં નીચે પ્રમાણે Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા પોતાનાં લોગીનમાં ડેટા એન્ટ્રી કરનાર દ્વારા કરેલ કામગીરીની વિગતો જોઇ ચકાસી જરૂરી **"Verification Remarks"** આપી **પરિપત્રની કેટેગરી "D" મુજબ** કાર્યવાહી કરવા ગામ નમુના નં.-૭ ના રેકર્ડ ઓફ રાઇટ્સમાં પડેલ ફેરફાર નોંધોની ચકાસણી કરી **એફ.પી. મુજબ બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગત દર્શાવી પ્રોપર્ટીકાર્ડનું ક્ષેત્રફળ ગા.ન.નં.-૭ માંથી કમી કરી તેટલા ક્ષેત્રફળ પુરતો ગા.ન.નં.-૭ બંધ કરવા અને આ સિવાયનું કપાત મુજબનું બાકી રહેતું ગા.ન.નં.-૭ ના ક્ષેત્રફળનું પાનીયું ચાલુ રાખી તેમાં ઓથોરીટીનું નામ બીજા હક્ક માં દાખલ કરવા બાબતે વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા મેન્યુઅલી વિગતવાર હુકમ** કરવાનો રહેશે.




7. વેરીફીકેશન અધિકારીશ્રી (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ઉક્ત પેરા નં.-6.1 મુજબ કાર્યવાહી થયેથી જનરેટ થયેલ હુકમની નકલ પ્રમાણિત કરી .pdf ફોર્મેટમાં નીચે પ્રમાણે અપલોડ કરવાની રહેશે તેમજ પેરા નં.-6.2 તથા 6.3 મુજબ કાર્યવાહી થયેથી વેરીફાયર દ્વારા કરેલ મેન્યુઅલી વિગતવાર હુકમની નકલ .pdf ફોર્મેટમાં નીચે પ્રમાણે અપલોડ કરવાની રહેશે.




8. વેરીફીકેશન અધિકારીશ્રી (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ઉક્ત પેરા નં.–6.1 મુજબ હુકમ કરી અપલોડ કર્યા બાદ ગા.ન.નં.–૬ માં દાખલ કરવાપાત્ર ઓટો–સ્ક્રિપ્ટ **"નોંધની વિગત"** નીચે પ્રમાણે Show થશે તેમજ પેરા નં.–6.2 તથા 6.3 મુજબ હુકમ અપલોડ થયેથી ઓટો–સ્ક્રિપ્ટ નોંધની વિગત Show થશે નહી. ત્યારબાદ **"Save Order and Close VF7"** બટન પર કલીક કરી બાયોમેટ્રીક આધારે ડેટા સબમિટ કર્યેથી બિનખેતી સર્વે નંબરના ગામ નમુના નં.–૬ માં ફેરફાર નોંધ દાખલ થશે તથા ફેરફાર નોંધ પ્રમાણીત થયેથી ગામ નમુના નં.–૭ બંધનું પ્રોપર્ટીકાર્ડ સાથે મેપીંગ થઈને ગા.ન.નં.–૭ બંધ થશે.



**મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.**

# USER MANUAL-2

**(બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવા બાબત)**

1. સૌપ્રથમ ડેટા એન્ટ્રી કરનાર (મેન્ટેનન્સ/સિનિયર સર્વેયર) દ્વારા https://csis.gujarat.gov.in/ પર લોગીન કરી બીનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટા એન્ટ્રી મોડ્યુલમાં **"VF7 ડેટા આધારે નવા પ્રો.કાર્ડ બનાવવા"** મોડ્યુલમાં બિનખેતી થયેલ રેવન્યુ સર્વે નંબર ડ્રોપ ડાઉનથી સિલેક્ટ કરી **"Get"** બટન પર ક્લીક કર્યેથી સિલેક્ટ કરેલ સર્વે નંબરના Latest ગામ નમુના નં.-૭ મુજબની વિગત જોઈ શકાશે.




2. ઉક્ત વિગતે પસંદ કરેલ સર્વે નંબર મુજબ **"અગાઉ કોઇ યોજના હેઠળ/બિનખેતી મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ છે? (નોંધ: જો સદરહુ ગામમાં રી-સર્વે પ્રમોલગેશન થયેલ હોય તો રી-સર્વે પ્રમોલગેશન પહેલાંના તથા પછીના સર્વે/બ્લોક નંબર મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ છે તેની ચકાસણી કરવી)"** તે પ્રમાણે પ્રશ્ન પુછવામાં આવશે. જેની ચકાસણી કરી જો કોઇપણ યોજના હેઠળ પ્રોપર્ટીકાર્ડ બનેલ ના હોય તો **"NO"** બટન પર તથા કોઇપણ યોજના હેઠળ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો **"YES"** બટન પર ક્લીક કરી **"Update Status"** પર ક્લીક કરી આગળ વધવાનું રહેશે. ("YES" સિલેક્ટ કર્યેથી મેપીંગ અને VF7 બંધ કરવા માટે **"બનેલ સિ.સ.નં. આધારે VF7 નું મેપીંગ તથા બંધ કરવા"** અંગેના મોડ્યુલમાં કાર્યવાહી કરવા ડેટા Re-Direct થશે.)




3. નીચે દર્શાવેલ વિગતે મુદ્દા નંબર-1 મુજબ પસંદ કરેલ સર્વે નંબરના ગામ નમુના નં.-૬ ના હક્કપત્રકમાં પડેલ તમામ નોંધો જોઇ શકાશે. જે મુજબ તમામ નોંધો Scroll કરી બિનખેતી થયા અંગેની કોઇ નોંધ ગા.ન.નં.-૬ માં પડેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની રહેશે. (જો બિનખેતી થયા અંગેની નોંધ જુના ગા.ન.નં.-૬ ના હક્કપત્રકમાં દાખલ થયેલ હશે તો **"ઓફલાઇન નોંધ જોવા માટે"** બટન પર ક્લીક કર્યેથી જુની હસ્તલિખિત નોંધો ખુલશે. જેમાંથી બિનખેતી થયા અંગેનો નોંધ નંબર ચકાસી બાજુમાં આપેલ **"Text Box"** માં તે નોંધનો નંબર દાખલ કરી Ok બટન પર ક્લીક કરવાનું રહેશે.)




4. ગામ નમુના નં.-૬ ના હક્કપત્રકમાં બિનખેતી થયા અંગેની કોઇ નોંધ પડેલ હોય તો નોંધ નંબર સિલેક્ટ કરી અથવા તો Text Box માં દાખલ કર્યેથી નીચેની વિગતે **"YES"** બટન પર ક્લીક કરવાનું રહેશે અને તે સિલેક્ટ કરેલ નોંધ નંબર નીચે પ્રમાણે જોઇ શકાશે તથા બિનખેતી થયા અંગેની કોઇ નોંધ ગા.ન.નં.-૬ ના હક્કપત્રકમાં પડેલ ન હોય તો **"NO"** બટન પર ક્લીક કરવાનું રહેશે.




5. બિનખેતી રેવન્યુ સર્વે નંબર જો ચાલુમાં હોય તો બિનખેતી થયા અંગેની ગા.ન.નં.-૬ ની નોંધ ચકાસી તે નોંધ આધારે નીચે દર્શાવેલ વિગતે પ્રોપર્ટીકાર્ડનું ક્ષેત્રફળ તથા મેપીંગ કરેલ ગા.ન.નં.-૭ (VF7) ના તમામ પાનીયાંઓનું કુલ ક્ષેત્રફળ ચકાસી લાગુ પડતી કોઇ એક કેટેગરી સિલેક્ટ કરવાની રહેશે.

- **કેટેગરી "A"** – હાલનાં ગા.ન.નં.૭ માં દર્શાવેલ ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી થયેલ કિસ્સા.
- **કેટેગરી "B"** – રી-સર્વે બાદ ક્ષેત્રફળમાં વિસંગતતા (જુના ગા.ન.નં.-૭ નું કૂલ (૧૦૦%) ક્ષેત્રફળ બિનખેતી) ના કિસ્સા.
- **કેટેગરી "C"** – પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયાના કિસ્સા.
- **કેટેગરી "D"** – ટી.પી.ના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી થયાના કિસ્સા.




**A.** જો હાલનાં ગામ નમુના નં.-૭ ના કૂલ (૧૦૦%) ક્ષેત્રફળ મુજબ જ બિનખેતી હુકમ થયેલ હોય અને તે મુજબ જ પ્રોપર્ટીકાર્ડ બનાવવાનું હોય (બિનખેતી હુકમ તથા હાલનાં ગા.ન.નં.-૭ ના કૂલ ક્ષેત્રફળમાં તફાવત આવતો ન હોય) તો **"હાલનાં ગા.ન.નં.-૭ માં દર્શાવેલ ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી"** તે બટન સિલેક્ટ કરવાનું રહેશે.

**B.** જો કોઇ સર્વે નંબરના બિનખેતી હુકમના કુલ ક્ષેત્રફળ મુજબ હાલનાં ગા.ન.નં.-૭ ના કુલ (૧૦૦%) ક્ષેત્રફળમાં વિસંગતતા હોય પરંતુ ગા.ન.નં.-૭ બંધ કરવાપાત્ર હોય (જેમ,કે રી-સર્વેના કારણે તથા અન્ય કારણોસર) તો **"રી-સર્વે પ્રમોલગેશન બાદ ક્ષેત્રફળમાં વિસંગતતા (જુના ગા.ન.નં.-૭ નું ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી"** તે બટન પર સિલેક્ટ કરવાનું રહેશે.

**C.** જો ગા.ન.નં.-૭ માં દર્શાવેલ કુલ ક્ષેત્રફળના પૈકી હિસ્સા મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તે મુજબ પ્રોપર્ટીકાર્ડ બનાવવાનું હોય તો **"પૈકી ક્ષેત્રફળ બિનખેતી"** તે બટન પર સિલેક્ટ કરવાનું રહેશે.

**D.** જો ટી.પી.વિસ્તારમાં ગામ નમુના નં.-૭ ના કુલ ક્ષેત્રફળના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તે મુજબ પ્રોપર્ટીકાર્ડ બનાવવાનું હોય તો **"ટી.પી.ના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી"** તે બટન પર સિલેક્ટ કરવાનું રહેશે.




6. ઉપરોક્ત વિગતે **મુદ્દા નં.-5(A) મુજબ** Option સિલેક્ટ કર્યેથી **"સત્તાપ્રકાર, ક્ષેત્રફળ, શીટ નંબર, સિટી સરવે નંબર, શહેરનો વર્ગ, વિશેષધારો/કીરાયું, ધારણકર્તાના નામો, બીજા હક્કની વિગત"** ઓટો દાખલ થશે તેમજ **મિલકતનો ઉપયોગ** ડ્રોપ ડાઉનથી સિલેક્ટ કરવાનો રહેશે. આ ઉપરાંત ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **બિનખેતી હુકમ નંબર, બિનખેતી હુકમ તારીખ, બિનખેતી હુકમ કરનાર અધિકારીની વિગત** Text Box માં દાખલ કરી બિનખેતી હુકમની નકલ .pdf ફોર્મેટમાં અપલોડ કરી **"Submit to Verifier"** બટન પર કલીક કરવાનું રહેશે.



7. ઉપરોક્ત વિગતે **મુદ્દા નં.-5(B) મુજબ** Option સિલેક્ટ કર્યેથી **"સત્તાપ્રકાર, ક્ષેત્રફળ, શીટ નંબર, સિટી સરવે નંબર, શહેરનો વર્ગ, વિશેષધારો/કીરાયું, ધારણકર્તાના નામો, બીજા હક્કની વિગત"** ઓટો દાખલ થશે તેમજ **મિલકતનો ઉપયોગ** ડ્રોપ ડાઉનથી સિલેક્ટ કરવાનો રહેશે. આ ઉપરાંત ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **બિનખેતી હુકમ/બિનખેતી નોંધ મુજબ બિનખેતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.), બિનખેતી હુકમ નંબર, બિનખેતી હુકમ તારીખ, બિનખેતી હુકમ કરનાર અધિકારીની વિગત** Text Box માં દાખલ કરી બિનખેતી હુકમની નકલ .pdf ફોર્મેટમાં અપલોડ કરી **"Submit to Verifier"** બટન પર ક્લીક કરવાનું રહેશે.




8. ઉપરોક્ત વિગતે **મુદ્દા નં.-5(C) તથા (D) મુજબ** Option સિલેક્ટ કર્યેથી ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **"બિનખેતી હુકમ/બિનખેતી નોંધ મુજબ બિનખેતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)"** Option ની નીચે દર્શાવેલ Text Box માં બિનખેતી હુકમ મુજબનું ક્ષેત્રફળ ટાઇપ કરી જરૂરી Remarks દાખલ કરી **"Submit to Verifier"** બટન પર ક્લીક કરવાનું રહેશે.
9. Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા https://csis.gujarat.gov.in/ પર લોગીન કરી બિનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટાએન્ટ્રી મોડ્યુલમાં **"VF7 ડેટા આધારે નવા પ્રો.કાર્ડ બનાવવા (વેરીફીકેશન)"** મોડ્યુલમાં ઉપરોક્ત વિગતે ડેટા એન્ટ્રી કરનાર દ્વારા Submit કરેલ **બિનખેતી થયેલ રેવન્યુ સર્વે નંબર** ડ્રોપ-ડાઉનથી સિલેક્ટ કરી **"Get"** બટન પર ક્લીક કરવાનું રહેશે.




9.1. ડેટા એન્ટ્રી કરનાર દ્વારા જો ઉક્ત **મુદ્દા નં.-5(A) તથા (B) મુજબ** કાર્યવાહી કરેલ હશે તો તે કિસ્સામાં નીચે પ્રમાણે Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા પોતાનાં લોગીનમાં ડેટા એન્ટ્રી કરનાર દ્વારા

કરેલ કામગીરીની વિગતો જોઇ ચકાસી જરૂરી **"Verification Remarks"** આપી **"Submit"** બટન પર ક્લીક કરવાનું રહેશે.




9.2. ડેટા એન્ટ્રી કરનાર દ્વારા જો ઉક્ત **મુદ્દા નં.-5(C) મુજબ** કાર્યવાહી કરેલ હશે તો તે કિસ્સામાં નીચે પ્રમાણે Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા પોતાનાં લોગીનમાં ડેટા એન્ટ્રી કરનાર દ્વારા કરેલ કામગીરીની વિગતો જોઇ ચકાસી જરૂરી **"Verification Remarks"** આપી **પરિપત્રની કેટેગરી "C" મુજબ** કાર્યવાહી કરવા બિનખેતી હુકમ મુજબ ગા.ન.નં.-૭ ના કુલ ક્ષેત્રફળમાંથી પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયેલ હોય અને પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય તો પૈકી ક્ષેત્રફળ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનાવવા માટે **બિનખેતી હુકમ મુજબ ગા.ન.નં.-૭ ના ખેતી તથા બિનખેતી ક્ષેત્રફળ મુજબનું પાનીયું અલગ કરવા તથા રેકર્ડ ઓફ રાઇટ્સથી ખાત્રી કરી સંબંધિત પાનીયાં (ખેતી અને બિનખેતી) માં ચાલુ રાખવાના થતાં ધારણકર્તાના નામોની વિગત સાથેનો મેન્યુઅલી વિગતવાર હુકમ** કરી હુકમની નકલ .pdf ફોર્મેટમાં નીચે પ્રમાણે અપલોડ કરવાની રહેશે. જે હુકમ અપલોડ થયેથી વેરીફીકેશન અધિકારીશ્રી દ્વારા બાયોમેટ્રીક આધારે ડેટા **"Submit"** કરવાનો રહેશે.




9.3. ડેટા એન્ટ્રી કરનાર દ્વારા જો ઉક્ત **મુદ્દા નં.-5(D) મુજબ** કાર્યવાહી કરેલ હશે તો તે કિસ્સામાં નીચે પ્રમાણે Verifier (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા પોતાનાં લોગીનમાં ડેટા એન્ટ્રી કરનાર દ્વારા કરેલ કામગીરીની વિગતો જોઇ ચકાસી જરૂરી **"Verification Remarks"** આપી **પરિપત્રની કેટેગરી "D" મુજબ** કાર્યવાહી કરવા **બિનખેતી હુકમ મુજબ ગામ નમુના નં.૭ ના કુલ ક્ષેત્રફળમાંથી બિનખેતી હુકમ (ફાઇનલ પ્લોટ) ના ક્ષેત્રફળ મુજબ** પ્રોપર્ટીકાર્ડ બનાવવા માટે **ગા.ન.નં.-૭ ના બિનખેતી હુકમ મુજબ (ફાઇનલ પ્લોટ મુજબ) તથા**

**<u>ટી.પી. કપાતના ક્ષેત્રફળ મુજબનું પાનીયાં અલગ કરવા અને ટી.પી. કપાત મુજબના પાનિયામાં ઓથોરીટીનું નામ બીજા હક્કમાં દાખલ કરવા અંગે વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા મેન્યુઅલી વિગતવાર હુકમ</u>** કરી હુકમની નકલ .pdf ફોર્મેટમાં નીચે પ્રમાણે અપલોડ કરવાની રહેશે. જે હુકમ અપલોડ થયેથી વેરીફીકેશન અધિકારીશ્રી દ્વારા બાયોમેટ્રીક આધારે ડેટા **"Submit"** કરવાનો રહેશે.




10. ઉક્ત મુદ્દા નં.–૯.૨ તથા ૯.૩ મુજબ વેરીફીકેશન અધિકારીશ્રી દ્વારા કાર્યવાહી થયેથી ગામ નમુના નં.–૭ માં સદરહુ હુકમ મુજબની હુકમી નોંધ ગામ નમુના નં.–૬ ના હક્કપત્રકમાં દાખલ થઈ હુકમ મુજબ ઈ–ધરામાં ગામ નમુના નં.–૬ માં સ્ક્રિપ્ટ લખાઈ નોંધ પ્રમાણિત થયેથી ગામ નમુના નં.–૭ ના (ખેતી તથા બિનખેતી) પાનીયાં અલગ થશે. બંને પાનીયાં અલગ થયેથી બિનખેતી મુજબના પાનીયાંમાં વેરીફીકેશન કરનાર દ્વારા **<u>પરિપત્રની કેટેગરી "A" મુજબ</u>** કાર્યવાહી કરી ડેટા સબમિટ થયેથી ડેટા પ્રમોલગેશન કરનાર (સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારીશ્રી/નાયબ નિયામકશ્રી જમીન દફતર) ના લોગીનમાં ઉપલબ્ધ થશે.
11. પ્રમોલગેશન અધિકારીશ્રીએ (સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારીશ્રી/નાયબ નિયામકશ્રી જમીન દફતર) તેઓના લોગીનથી લોગીન કરી બિનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટાએન્ટ્રી મોડ્યુલમાં **"પ્રમોલગેશન નોટીસ"** મોડ્યુલમાં જઈ ઉપલબ્ધ થયેલ ડેટા આધારે (એક અથવા એક કરતાં વધારે સર્વે નંબરો સિલેક્ટ કરી) પ્રમોલગેશન નોટીસની વિગત દાખલ કરી **"Submit"** બટન પર ક્લીક કરવાનું રહેશે.




12. પ્રમોલગેશન નોટીસની વિગત દાખલ કર્યા બાદ નીચે દર્શાવેલ વિગતે **"Download Promulgation Notice"** બટન પર ક્લીક કરવાથી પ્રમોલગેશનની નોટીસ ઓટો–જનરેટ થશે.




13. પ્રમોલગેશન નોટીસ જનરેટ થયા બાદ પ્રમોલગેશન અધિકારીશ્રી **"પ્રમોલગેશન"** મોડ્યુલમાં પ્રમોલગેશન કરવાના સર્વે નંબરો સિલેક્ટ કરી જરૂરી **"Remarks"** દાખલ કરીને **"Submit and Generate Order"** પર ક્લીક કર્યેથી સિલેક્ટ કરેલ સર્વે નંબર પ્રમોલગેશન કરવા અંગેનો **પરિશિષ્ટ-૨** મુજબનો હુકમ ઓટો જનરેટ થશે. જે હુકમ ડાઉનલોડ કરી પ્રમોલગેશન અધિકારીશ્રી દ્વારા હુકમની વિગત ચકાસી સહિ-સિક્કા કરી પ્રમાણિત કરી .pdf ફોર્મેટમાં અપલોડ કરવાનો રહેશે. ઓર્ડર અપલોડ કર્યા બાદ ગા.ન.નં.-૬ માં દાખલ કરવાપાત્ર ઓટો-સ્ક્રિપ્ટ **"નોંધની વિગત"** Show થશે. જે નોંધની વિગત ચકાસી **"Save Order and Close VF7"** બટન પર ક્લીક કરી બાયોમેટ્રીક આધારે ડેટા સબમિટ કરવાનો રહેશે.




14. ઉપરોક્ત તમામ પ્રક્રિયા પુર્ણ થયેથી બિનખેતી સર્વે નંબરના ગામ નમુના નં.-૬ માં ઓટો સ્ક્રિપ્ટ નોંધ દાખલ થશે તથા ફેરફાર નોંધ પ્રમાણીત થયેથી ગામ નમુના નં.-૭ બંધ થશે અને પ્રોપર્ટીકાર્ડ અમલમાં આવશે.

**મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.**

**<u>પરિશિષ્ટ-૧</u>**

સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ, ...................... ની કચેરી

નં.- બિ.ખે./પ્રો.કાર્ડ/વોર્ડ.........../સિટી સરવે નં.......... તા.- / /૨૦૨૬

**વિષય:**-બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ ચાલુમાં હોય અને તેનું પ્રોપર્ટીકાર્ડ પણ બની ગયેલ હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવા બાબત.

**સંદર્ભ:-**

(૧) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૦૯૦-૩૯૯૦-હ, તા.-૨૭/૧૨/૧૯૯૫.
(૨) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૦૯૦-૩૯૯૦-હ, તા.-૧૫/૧૦/૨૦૦૧.
(૩) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ/૧૨૨૦૦૪/૨૬૧૪/હ, તા.-૧૬/૦૨/૨૦૦૫.
(૪) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ/૧૨૨૦૦૭/૮૭૩/હ, તા.-૨૦/૦૪/૨૦૦૭.
(૫) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-બીજીટી-૧૧.૨૦૧૪-૧૦૧૭-હ, તા.-૧૯/૧૨/૨૦૧૪.
(૬) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:-એસ.વી-૪/બિખેપ્રો/૨૦૧૭, તા.-૨૩/૦૧/૨૦૧૭.
(૭) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-સીટીએસ-૧૩૨૦૧૮-૨૪૨૧-હ, તા.-૨૦/૦૧/૨૦૨૦.
(૮) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૩૨૦૧૮-૨૪૨૧-હ, તા.-૧૭/૧૧/૨૦૨૧.

રાજ્યમાં ખેતીની જમીનના કોઇ સર્વે નંબરના ગામ નમુના નં.-૭ મુજબની જમીન સક્ષમ અધિકારીશ્રી દ્વારા બિનખેતી હુકમ થયેથી બિનખેતી હુકમ આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવવાની કાર્યપદ્ધતિ સંદર્ભદર્શિત પત્ર (૫) થી (૮) મુજબ અમલમાં છે. સિટી સરવેમાં બિનખેતી સર્વે નંબરનું પ્રોપર્ટીકાર્ડ અમલમાં આવ્યેથી તેના ગામ નમુના નં.-૭ બંધ કરવા અંગેની સુચનાઓ સંદર્ભદર્શિત પત્ર (૧) થી (૪) મુજબ સરકારશ્રી દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવેલ છે. જેથી નીચેની વિગતે બિનખેતી પ્રોપર્ટીકાર્ડ બનેલ હોઈ સંબંધિત ગામ નમુના નં.-૭ સાથે મેપીંગ કરી ગામ નમુના નં.-૬ માં નોંધ દાખલ કરી નોંધનો નિર્ણય થયેથી ગામ નમુના નં.-૭ બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

મોજે:....., તા:......, જિ:.......ના ગામ નમુના નં.-૭ મુજબના સર્વે/બ્લોક નં-....... વાળી જમીનનું જિલ્લો:........, સિટી સરવે ઓફીસ:........., સિટી સરવે વોર્ડ:........., સિટી સરવે નંબર:.........., ક્ષેત્રફળ (ચો.મી.):......... થી પ્રોપર્ટીકાર્ડ બની ગયેલ હોઈ હવે પછીની તમામ ફેરફાર નોંધો પ્રોપર્ટીકાર્ડમાં કરવાની રહેશે તથા સદરહુ ગામ નમુના નં.-૭ બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ**

**.............**

પ્રતિ,

નાયબ મામલતદારશ્રી,

ઈ-ધરા કેન્દ્ર, તા.............., જિ.-............ તરફ સદરહુ હુકમની અમલવારી કરવા સારૂ.

**મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.**

**પરિશિષ્ટ-૨**

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારીશ્રી/નાયબ નિયામકશ્રી જમીન દફ્તર,
.................. ની કચેરી

---

નં.- બિ.ખે./પ્રો.કાર્ડ/વોર્ડ.........../સિટી સરવે નં.......... તા.- / /૨૦૨૬

**વિષય:-** બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.-૭ આધારે પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગા.ન.નં.-૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.-૭ બંધ કરવા બાબત.

**સંદર્ભ:-**

(૧) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૦૯૦-૩૯૯૦-હ, તા.-૨૭/૧૨/૧૯૯૫.
(૨) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૦૯૦-૩૯૯૦-હ, તા.-૧૫/૧૦/૨૦૦૧.
(૩) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ/૧૨૨૦૦૪/૨૬૧૪/હ, તા.-૧૬/૦૨/૨૦૦૫.
(૪) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ/૧૨૨૦૦૭/૮૭૩/હ, તા.-૨૦/૦૪/૨૦૦૭.
(૫) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-બીજીટી-૧૧.૨૦૧૪-૧૦૧૭-હ, તા.-૧૯/૧૨/૨૦૧૪.
(૬) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:-એસ.વી-૪/બિખેપ્રો/૨૦૧૭, તા.-૨૩/૦૧/૨૦૧૭.
(૭) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-સીટીએસ-૧૩૨૦૧૮-૨૪૨૧-હ, તા.-૨૦/૦૧/૨૦૨૦.
(૮) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક:-સીટીએસ-૧૩૨૦૧૮-૨૪૨૧-હ, તા.-૧૭/૧૧/૨૦૨૧.

રાજ્યમાં ખેતીની જમીનના કોઇ સર્વે નંબરના ગામ નમુના નં.-૭ મુજબની જમીન સક્ષમ અધિકારીશ્રી દ્વારા બિનખેતી હુકમ થયેથી બિનખેતી હુકમ આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવવાની કાર્યપદ્ધતિ સંદર્ભદર્શિત પત્ર (૫) થી (૮) મુજબ અમલમાં છે. સિટી સરવેમાં બિનખેતી સર્વે નંબરનું પ્રોપર્ટીકાર્ડ અમલમાં આવ્યેથી તેના ગામ નમુના નં.-૭ બંધ કરવા અંગેની સુચનાઓ સંદર્ભદર્શિત પત્ર (૧) થી (૪) મુજબ સરકારશ્રી દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવેલ છે. જેથી નીચેની વિગતે બિનખેતી સર્વે નંબરના ગામ નમુના નં.-૭ ના ડેટા આધારે પ્રોપર્ટીકાર્ડ બનેલ હોઈ ગામ નમુના નં.-૬ માં નોંધ દાખલ કરી નોંધનો નિર્ણય થયેથી ગામ નમુના નં.-૭ બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

મોજે:....., તા......., જિ.......ના સર્વે/બ્લોક નંબર......... વાળી જમીન ગામ નમુના નં.-૬ ના હક્કપત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર........, તા.........થી બિનખેતી થયેલ છે. જે ગામ નમુના નં.-૭ ના છેલ્લી સ્થિતિના ડેટા આધારે સદરહુ બિનખેતી સર્વે/બ્લોક નંબરનું પ્રોપર્ટીકાર્ડ બની ગયેલ હોઈ હવે પછીની તમામ ફેરફાર નોંધો પ્રોપર્ટીકાર્ડમાં કરવાની રહેશે તથા સદરહુ ગામ નમુના નં.-૭ બંધ કરવામાં આવે છે. બનેલ પ્રોપર્ટીકાર્ડ ની વિગત----- જિલ્લો:........, સીટી સરવે કચેરી:....... સિટી સરવે વોર્ડ:....... શીટ નંબર:...... સીટી સરવે નંબર: ......., ક્ષેત્રફળ:..........

**સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ**
**અધિકારી/નાયબ નિયામકશ્રી જમીન દફ્તર,**

**............**

પ્રતિ,
નાયબ મામલતદારશ્રી,

ઈ-ધરા કેન્દ્ર, તા.............., જિ.-............ તરફ સદરહુ હુકમની અમલવારી કરવા સારૂ.

**મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.**

## માર્ગદર્શિકા–૨

**બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.–૭ આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગા.ન.નં.–૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.–૭ બંધ કરવા બાબત.**

<table>
<tr><th>અનુ.નં.</th><th>કામગીરી કરનારનો રોલ</th><th>કરવાની થતી કાર્યવાહી</th></tr>
<tr><td>૧.</td><td>ડેટાએન્ટ્રી કરનાર (મે.સ./સિ.સ.)</td><td>
▪ CSIS સોફ્ટવેરમાં બીનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટા એન્ટ્રી મોડ્યુલમાં "VF-7 ડેટા આધારે નવા પ્રોપર્ટીકાર્ડ બનાવવા" મોડ્યુલમાં E-dhara ની web service/API થી મળેલ ડેટા આધારે બિનખેતી થયેલ સર્વે નંબરના ગામ નમુના નં.–૭, ૬ વિગેરેનો ડેટા જોઈ શકાશે. જે મુજબ સૌપ્રથમ ઈ–ધરા મુજબનો બિનખેતી સર્વે નંબર સિલેક્ટ કરવાનો રહેશે.<br><br>
▪ પરિપત્રમાં દર્શાવેલ વંચાણે લીધેલ (૫) થી (૮) મુજબના પરિપત્ર/ઠરાવથી બિનખેતી હુકમ તથા મંજુર થયેલ પ્લાન આધારે અથવા તો અન્ય આનુષાગિક રેકર્ડ આધારે બનેલ હોય તેમજ અન્ય કોઇ યોજના હેઠળ પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તો પ્રોપર્ટીકાર્ડ ડુપ્લીકેશન બને નહીં તે માટે "અગાઉ કોઇપણ યોજના હેઠળ કે બિનખેતી મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ છે? (નોંધ:- જો સદરહુ ગામમાં રી–સર્વે પ્રમોલગેશન થયેલ હોય તો રી–સર્વે પ્રમોલગેશન પહેલાંના તથા પછીના સર્વે/બ્લોક નંબર મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ છે તેની ચકાસણી કરવી?)" તે અંગેની ચકાસણી કરવાની રહેશે. જેમાં સદરહુ સર્વે નંબર મુજબનું પ્રોપર્ટીકાર્ડ બનેલ હશે તો "Yes" સિલેક્ટ કરવાનું રહેશે ("YES" સિલેક્ટ કર્યેથી "બનેલ સિ.સ.નં. આધારે VF7 નું મેપીંગ તથા VF-7 બંધ કરવા" મુજબની કાર્યવાહી કરવા માટેના મોડ્યુલમાં ડેટા Re-direct થશે.) અને પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય તો "NO" સિલેક્ટ કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે .<br>
▪ બિનખેતી થયા અંગેની નોંધ પડેલ છે તેની ચકાસણી કરી જો ગામ નમુના નં.–૬ માં બિનખેતી થયા અંગેની ફેરફાર નોંધ પડેલ હોય તો "YES" સિલેક્ટ કરી ફેરફાર નોંધ નંબર સિલેક્ટ કરવાનો રહેશે અને ફેરફાર નોંધ દાખલ થયેલ ન હોય તો "NO" સિલેક્ટ કરવાનું રહેશે. ("NO" સિલેક્ટ કર્યેથી "બિનખેતી અંગેની કોઇ જ નોંધ ગામ નમુના નં.–૬ માં મળતી નથી" તેમ સર્વે નંબરનું મેપીંગ થશે).<br><br>
▪ ઉપર મુજબ YES સિલેક્ટ થયેથી બિનખેતી થયા અંગેની નોંધ આધારે બિનખેતી મુજબનું ક્ષેત્રફળ ડેટા–એન્ટ્રી કરનાર (મે.સ./સિ.સ.) દ્વારા વેરીફાય કરી નીચે મુજબ પરિપત્રની કેટેગરી A, B, C તથા D મુજબ જે કિસ્સો લાગુ પડતો હોય તો તે ઓપ્શન સિલેક્ટ કરવાનો રહેશે.<br>
1. કેટેગરી "A" – હાલનાં ગા.ન.નં.૭ માં દર્શાવેલ ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી થયેલ કિસ્સા.<br>
2. કેટેગરી "B" – રી–સર્વે બાદ ક્ષેત્રફળમાં વિસંગતતા (જુના ગા.ન.નં.–૭ નું કૂલ (૧૦૦%) ક્ષેત્રફળ બિનખેતી) ના કિસ્સા.<br>
3. કેટેગરી "C" – પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયાના કિસ્સા.
</td></tr>
</table>

4. કેટેગરી **"D"** – ટી.પી.ના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી થયાના કિસ્સા.

- **કેટેગરી "A":-** ઉપરોક્ત વિગતે જે કિસ્સામાં બિનખેતી થયેલ જમીનનાં ગામ નમુના નં.–૭ ચાલુ હોય અને આ પ્રકારના ગામ નમુના નં.–૭ નું અને બિનખેતી પરવાનગી મુજબનું ક્ષેત્રફળ સુસંગત હોય તથા ગા.ન.નં.–૭ ના પાનીયાં મુજબનું ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી થયેલ હોય તો તે કિસ્સામાં ગામ નમુના નં.–૭ નું મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગામ નમુના નં.–૭ સાથે મેપીંગ કરી ગામ નમુના નં.–૭ બંધ કરવા માટે **પરિપત્રની કેટેગરી "A" મુજબ** કાર્યવાહી કરવાની રહેશે.
  - **પરિપત્રની કેટેગરી "A"** મુજબનો ઓપ્શન સિલેક્ટ કર્યેથી બિનખેતી થયેલ સર્વે નંબરના ગામ નમુના નં.–૭ ના ડેટા આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવવા તથા ગામ નમુના નં.–૭ બંધ કરવા માટે **સિટી સર્વે નંબર (ઈ–ધરા સર્વે નંબરની આગળ NA ઓટો દાખલ થશે), ક્ષેત્રફળ, ધારણકર્તાના નામો, સત્તાપ્રકાર, શહેરનો વર્ગ, વિશેષધારો/કીરાયું (ઓટો દાખલ), શીટ નંબર (NA ૧૧ ઓટો દાખલ), મિલકતનો ઉપયોગ (ડ્રોપ ડાઉનથી સિલેક્ટ) તથા બીજા હક્કો (ઓટો દાખલ)** વિગેરે જેવી વિગતો ઓટો ફેચ થશે.

- **કેટેગરી "B":-** ઉપરોક્ત વિગતે જે ગામોમાં રી–સર્વે યોજના અમલમાં હોય અને આ પ્રકારના ગામોમાં રી–સર્વે પ્રમોલગેશન પહેલાંના કોઇ જુના સર્વે નંબરના કુલ (૧૦૦%) જુના ક્ષેત્રફળ મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તેનું **પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય** તેમજ રી–સર્વે પ્રમોલગેશન બાદ તેના નવીન રી–સર્વે નંબરના ગા.ન.નં.–૭ ના ક્ષેત્રફળમાં તફાવત આવતો હોય તથા તે ક્ષેત્રફળ મુજબ ગા.ન.નં.–૭ માં **તબદીલી થયેલ હોય અથવા તબદીલી થયેલ ન હોય** તો તે કિસ્સામાં બિનખેતી હુકમના ક્ષેત્રફળ મુજબ પરિપત્રની કેટેગરી "A" પ્રમાણે બિનખેતી ગામ નમુના નં.–૭ નું મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગામ નમુના નં.–૭ સાથે મેપીંગ કરી ગામ નમુના નં.–૭ બંધ કરવા માટે **પરિપત્રની કેટેગરી "B" મુજબ** કાર્યવાહી કરવાની રહેશે.

  **નોંધ:–**

  રી–સર્વે થયેલ ગામોમાં જુના ગા.ન.નં.–૭ ના કુલ ક્ષેત્રફળ (૧૦૦%) મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તે બાદ તે સર્વે નંબરમાં રી–સર્વેના કારણે ક્ષેત્રફળમાં વિસંગતતા આવેલ હોય તો આ પ્રકારના કિસ્સાઓ રી–સર્વે ક્ષેત્રફળ વધ–ઘટના કિસ્સામાં ગણાશે.

  **રી–સર્વે પહેલાંના કુલ ક્ષેત્રફળમાંથી પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયેલ હોય તો પૈકી બિનખેતી મુજબના કિસ્સા (કેટેગરી "C") તરીકે ગણવું.**

  - **પરિપત્રની કેટેગરી "B"** મુજબનો ઓપ્શન સિલેક્ટ કર્યેથી બિનખેતી થયેલ સર્વે નંબરના ગામ નમુના નં.–૭ ના ડેટા આધારે પ્રોપર્ટીકાર્ડ બનાવવા તથા ગામ નમુના નં.–૭ બંધ કરવા માટે ઉપરોક્ત **પરિપત્રની કેટેગરી "A" માં જણાવ્યા મુજબની તમામ વિગતો**

| | | |
|---|---|---|
| | | **ઓટો ફેચ થશે**. (ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **કેટેગરી "B" મુજબ** મેપીંગ કર્યેથી "**બિનખેતી હુકમ/બિનખેતી નોંધ મુજબ બિનખેતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)**" ઓપ્શનમાં આપેલ **"Text Box"** માં બિનખેતી હુકમ મુજબનું ક્ષેત્રફળ દાખલ કરવાનું રહેશે.)<br><br>▪ બિનખેતી નોંધ/હુકમ આધારે બિનખેતી હુકમ નંબર અને તારીખ તથા હુકમ કરનાર અધિકારીશ્રીનો હોદ્દો દાખલ કરવાનો રહેશે. જે કિસ્સામાં બિનખેતી હુકમ રજુ થયેલ હોય તે કિસ્સામાં બિનખેતી હુકમ .pdf ફોર્મેટમાં અપલોડ કરવાનો રહેશે અને તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંપુર્ણ ડેટા એન્ટ્રીની ચકાસણી કરી ડેટા સબમિટ કરવાનો રહેશે. ડેટા-એન્ટ્રી કરનાર દ્વારા સબમિટ થયેલ ડેટા વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) ના લોગીનમાં આગળની કાર્યવાહી માટે ઉપલબ્ધ થશે.<br><br>▪ **કેટેગરી "C":-** ઉપરોક્ત વિગતે કોઇ ગામ નમુના નં.-૭ ના પાનીયામાં દર્શાવેલ કુલ ક્ષેત્રફળનો પૈકી હિસ્સો બિનખેતી થયેલ હોય તેમજ હાલનાં ગામ નમુના નં.-૭ ચાલુમાં હોય તથા પૈકી ક્ષેત્રફળ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય તો આ પ્રકારના કિસ્સાઓમાં ગામ નમુના નં.-૭ ના કુલ ક્ષેત્રફળના પૈકી હિસ્સાના ક્ષેત્રફળ મુજબનું પ્રોપર્ટીકાર્ડ બનાવી તેનું ગામ નમુના નં.-૭ સાથે મેપીંગ કરી પૈકી હિસ્સાના ક્ષેત્રફળ મુજબનો ગામ નમુના નં.-૭ બંધ કરવા માટે **પરિપત્રની કેટેગરી "C" મુજબ** કાર્યવાહી કરવાની રહેશે.<br><br>**નોંધ:-**<br>રી-સર્વે થયેલ ગામોમાં જુના ગા.ન.નં.-૭ ના કુલ ક્ષેત્રફળ (૧૦૦%) મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તે બાદ તે સર્વે નંબરમાં રી-સર્વેના કારણે ક્ષેત્રફળમાં વિસંગતતા આવેલ હોય અથવા ટી.પી. વિસ્તારમાં સર્વે નંબરના કુલ (૧૦૦%) ક્ષેત્રફળના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી થયેલ હોય તો આ પ્રકારના કિસ્સાઓ **પૈકી બિનખેતી ક્ષેત્રફળમાં ગણાશે નહી.**<br><br>○ **પરિપત્રની કેટેગરી "C" મુજબ "પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયેલ છે"** તેમ મેપીંગ કર્યેથી "**બિનખેતી હુકમ/બિનખેતી નોંધ મુજબ બિનખેતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)**" ઓપ્શનમાં આપેલ **"Text Box"** માં બિનખેતી હુકમ મુજબનું ક્ષેત્રફળ ડેટા-એન્ટ્રી કરનાર (મે.સ./સિ.સ.) દ્વારા ટાઇપ કરી અને **"Remarks"** સબમિટ કર્યેથી ડેટા મોડ્યુલમાં વેરીફીકેશન કરનારના લોગીનમાં આગળની કાર્યવાહી માટે ઉપલબ્ધ થશે.<br><br>▪ **કેટેગરી "D":-** ઉપરોક્ત વિગતે ટી.પી. વિસ્તારમાં ગામ નમુના નં.૭ ના કુલ ક્ષેત્રફળના એફ.પી. મુજબ બિનખેતી હુકમ થયેલ હોય તેમજ તેનો ગામ નમુના નં.-૭ પણ ચાલુ છે અને તે મુજબ પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય તો આ પ્રકારના કિસ્સાઓમાં ફાઇનલ પ્લોટના ક્ષેત્રફળ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનાવી તેટલા ક્ષેત્રફળ પુરતો ગામ નમુના નં.-૭ બંધ કરવા માટે **પરિપત્રની કેટેગરી "D" મુજબ** કાર્યવાહી કરવાની રહેશે. |

| | | |
|---|---|---|
| | | ○ **પરિપત્રની કેટેગરી "D" મુજબ "ટી.પી. ના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી થયેલ છે"** તેમ મેપીંગ કર્યેથી "**બિનખેતી હુકમ/બિનખેતી નોંધ મુજબ બિનખેતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)**" ઓપ્શનમાં આપેલ **"Text Box"** માં બિનખેતી હુકમ મુજબનું ક્ષેત્રફળ ડેટા-એન્ટ્રી કરનાર (મે.સ./સિ.સ.) દ્વારા ટાઇપ કરી અને **"Remarks"** સબમિટ કર્યેથી ડેટા મોડ્યુલમાં વેરીફીકેશન કરનારના લોગીનમાં આગળની કાર્યવાહી માટે ઉપલબ્ધ થશે. |
| ૨. | **વેરીફીકેશન કરનાર (સિ.સ.સુ./ આઇ.એલ.આર.)** | ▪ ડેટા-એન્ટ્રી કરનાર (મે.સ/સિ.સ) દ્વારા **પરિપત્રની કેટેગરી "A" તથા "B" મુજબ** ઉપલબ્ધ થયેલ ડેટાની વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ચકાસણી કરી જરૂરી REMARKS દાખલ કર્યા બાદ ડેટા સબમિટ કર્યેથી પ્રમોલગેશન કરનાર (સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારી/નાયબ નિયામક જમીન દફતર) ના લોગીનમાં ડેટા ઉપલબ્ધ થશે .<br>▪ ડેટા-એન્ટ્રી કરનાર (મે.સ/સિ.સ) દ્વારા **પરિપત્રની કેટેગરી "C" મુજબ** ઉપલબ્ધ થયેલ ડેટાની વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ચકાસણી કરી જરૂરી REMARKS દાખલ કર્યા બાદ બિનખેતી હુકમ મુજબ ગા.ન.નં.-૭ ના કૂલ ક્ષેત્રફળમાંથી પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયેલ હોય અને પ્રોપર્ટીકાર્ડ બનેલ ન હોય તો પૈકી ક્ષેત્રફળ મુજબ પ્રોપર્ટીકાર્ડ બનાવવા માટે **બિનખેતી હુકમ મુજબ ગા.ન.નં.-૭ ના ખેતી તથા બિનખેતી ક્ષેત્રફળ મુજબનું પાનીયું અલગ કરવા તથા રેકર્ડ ઓફ રાઇટ્સથી ખાત્રી કરી સંબંધિત પાનીયાં (ખેતી અને બિનખેતી) માં ચાલુ રાખવાના થતાં ધારણકર્તાના નામોની વિગત સાથેનો મેન્યુઅલી વિગતવાર હુકમ કરી** ગામ નમુના નં.-૭ માં સદરહુ હુકમ મુજબની હુકમી નોંધ ગામ નમુના નં.-૬ ના હક્કપત્રકમાં દાખલ થશે. હુકમ મુજબ ઈ-ધરામાં ગામ નમુના નં.-૬ માં સ્ક્રિપ્ટ લખી નોંધ પ્રમાણિત થયેથી હુકમ મુજબ ગામ નમુના નં.-૭ માં અસર (અમલવારી) કરવાની કામગીરી ઈ-ધરામાં કરવાની રહેશે તેમજ પાનીયાં અલગ થયેથી વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા **પરિપત્રની કેટેગરી "A" મુજબ** કાર્યવાહી કરી ડેટા સબમિટ થયેથી ડેટા પ્રમોલગેશન કરનાર (સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારી/નાયબ નિયામકશ્રી જમીન દફતર) ના લોગીનમાં ઉપલબ્ધ થશે.<br>▪ ડેટા-એન્ટ્રી કરનાર (મે.સ/સિ.સ) દ્વારા **પરિપત્રની કેટેગરી "D" મુજબ** ઉપલબ્ધ થયેલ ડેટાની વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ચકાસણી કરી જરૂરી REMARKS દાખલ કર્યા બાદ **બિનખેતી હુકમ મુજબ ગામ નમુના નં.૭ ના કુલ ક્ષેત્રફળમાંથી બિનખેતી હુકમ (ફાઇનલ પ્લોટ) ના ક્ષેત્રફળ મુજબ** પ્રોપર્ટીકાર્ડ બનાવવા માટે **ગા.ન.નં.-૭ ના બિનખેતી હુકમ મુજબ (ફાઇનલ પ્લોટ મુજબ) તથા ટી.પી. કપાતના ક્ષેત્રફળ મુજબનું પાનીયાં અલગ કરવા અને ટી.પી. કપાત મુજબના પાનિયામાં ઓથોરીટીનું નામ બીજા હક્કમાં દાખલ કરવા અંગે વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા મેન્યુઅલી વિગતવાર હુકમ કરી** ગામ નમુના નં.-૭ માં સદરહુ હુકમ મુજબની હુકમી નોંધ ગામ નમુના નં.-૬ ના હક્કપત્રકમાં નોંધ દાખલ થશે. હુકમ મુજબ ઈ-ધરામાં ગામ નમુના નં.-૬ માં સ્ક્રિપ્ટ લખી નોંધ પ્રમાણિત થયેથી હુકમ મુજબ ગામ નમુના નં.-૭ માં અસર (અમલવારી) કરવાની કામગીરી |

| | | |
|---|---|---|
| | | ઈ–ધરામાં કરવાની રહેશે તેમજ પાનીયાં અલગ થયેથી વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઈન્સ્પેકટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા **પરિપત્રની કેટેગરી "A" મુજબ** કાર્યવાહી કરી ડેટા સબમિટ થયેથી ડેટા પ્રમોલગેશન કરનાર (સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારી/નાયબ નિયામકશ્રી જમીન દફ્તર) ના લોગીનમાં ઉપલબ્ધ થશે. |
| ૩. | **પ્રમોલગેશન કરનાર (સુ.લે.રે./ ના.નિ.જ.દ.)** | ▪ પ્રમોલગેશન કરનાર (સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારી/નાયબ નિયામકશ્રી જમીન દફ્તર) દ્વારા ડેટાએન્ટ્રી તથા વેરીફીકેશનની થયેલ કામગીરીની ચકાસણી કરી ફાઇનલ સબમિટ થયેથી પ્રમોલગેશન કરવા અંગેની જાહેર નોટીસ જનરેટ થશે.<br>▪ પ્રમોલગેશનની જાહેર નોટીસ જનરેટ થયાના એક દિવસ બાદ પ્રમોલગેશન કરનાર અધિકારી દ્વારા પ્રમોલગેશન કર્યેથી **ગા.ન.નં.–૭ ના ડેટા મુજબ પ્રોપર્ટીકાર્ડ તૈયાર થશે** અને તૈયાર થયેલ પ્રોપર્ટીકાર્ડની વિગત સાથે પ્રમોલગેશન કરનાર દ્વારા ડેટાની ચકાસણી કરી જરૂરી REMARKS દાખલ કર્યા બાદ ડેટા સબમિટ કર્યેથી ગામ નમુના નં.–૭ બંધ કરવા બાબતનો આ સાથે સામેલ રાખેલ **પરિશિષ્ટ–૨ મુજબનો સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ્ઝ કમ એકત્રિકરણ અધિકારી/નાયબ નિયામકશ્રી જમીન દફ્તર નો હુકમ જનરેટ થશે.** જે હુકમ ડાઉનલોડ કરી સહી–સિક્કા કરી જરૂરી Remarks દાખલ કરી હુકમને અપલોડ કરી બાયોમેટ્રીક આધારે ડેટા સબમિટ કરવાનો રહેશે. જે ડેટા સબમિટ થયેથી નીચે મુજબ બિનખેતી સર્વે નંબરના **ગામ નમુના નં.–૬ માં ઓટો સ્ક્રિપ્ટ નોંધ દાખલ થશે તથા ફેરફાર નોંધ પ્રમાણીત થયેથી ગામ નમુના નં.–૭ બંધ થશે.**<br><br>➢ **નોંધની વિગત:–**<br>મોજે:........, તા........., જિ........ના સર્વે/બ્લોક નંબર........વાળી જમીન ગામ નમુના નં.–૬ ના હક્કપત્રકમાં પડેલ ફેરફાર નોંધ નંબર.........., તા............થી બિનખેતી થયેલ છે. જેની ગામ નમુના નં.–૭ ના છેલ્લી સ્થિતિના ડેટા આધારે સદરહુ બિનખેતી સર્વે/બ્લોક નંબરનું પ્રોપર્ટીકાર્ડ બની ગયેલ હોઈ હવે પછીની તમામ ફેરફાર નોંધો પ્રોપર્ટીકાર્ડમાં કરવાની રહેશે તથા સદરહુ ગામ નમુના નં.–૭ બંધ કરવામાં આવે છે. **બનેલ પ્રોપર્ટીકાર્ડ ની વિગત-----** જિલ્લો:........, સીટી સરવે કચેરી:....... સિટી સરવે વોર્ડ:....... શીટ નંબર:...... સીટી સરવે નંબર: ......., ક્ષેત્રફળ:............<br>▪ **ઉપરોક્ત વિગતે કેટેગરી "A, B, C તથા D" મુજબ કાર્યવાહી થયેથી બિનખેતી ગા.ન.નં.–૭ ના ડેટા આધારે પ્રોપર્ટીકાર્ડ બનવાથી ગા.ન.નં.–૬ માં ઉપર મુજબ ઓટો ફેરફાર નોંધ દાખલ થઈ પ્રમાણિત થયેથી ગા.ન.નં.–૭ બંધ થયા પહેલાંની સ્થિતિએ ગા.ન.નં.–૭ ની વિગતો તેમજ બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગતો (જીલ્લો, સિટી સરવે કચેરી, સિટી સરવે વોર્ડ, શીટ નંબર, સિટી સરવે નંબર, ક્ષેત્રફળ વિગેરે) AnyROR પર "બિનખેતી હુકમથી બંધ થયેલ સરવે નંબરની વિગતો જાણવા" ના ઓપ્શનમાં જોઈ શકાશે.** |

**મહેસુલ વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2025/4070/H નું બિડાણ.**

## માર્ગદર્શિકા–૧

**બિનખેતી થયેલ સર્વે નંબરના ગા.ન.નં.–૭ ચાલુમાં હોય અને તેનું પ્રોપર્ટીકાર્ડ પણ બની ગયેલ હોય તો તે કિસ્સામાં પ્રોપર્ટીકાર્ડનું ગા.ન.નં.–૭ સાથે મેપીંગ કરી ગા.ન.નં.–૭ બંધ કરવા બાબત.**

<table>
<tr><th>અનુ.નં.</th><th>કામગીરી કરનારનો રોલ</th><th>કરવાની થતી કાર્યવાહી</th></tr>
<tr><td>૧.</td><td>ડેટાએન્ટ્રી કરનાર (મે.સ./સિ.સ.)</td><td>

▪ સૌપ્રથમ CSIS સોફ્ટવેરમાં બીનખેતી પ્રોપર્ટીકાર્ડ ડેટા એન્ટ્રી મોડ્યુલમાં **"બનેલ સિ.સ.નં. આધારે VF7 નું મેપીંગ તથા VF-7 બંધ કરવા"** મોડ્યુલમાં બિનખેતી ડેટા–એન્ટ્રીથી બનેલ બિનખેતી પ્રોપર્ટીકાર્ડની વિગતો ઉપલબ્ધ થશે. જેમાંથી સિટી સરવે નંબર સિલેક્ટ કર્યેથી તેના પ્રોપર્ટીકાર્ડની વિગત જોઇ શકાશે.<br>
▪ E-dhara ની Web service/API થી મળેલ ડેટા આધારે "**બિનખેતી થયેલ રેવન્યુ સર્વે નંબર ડ્રોપ ડાઉનથી સિલેક્ટ**" કરવાનો રહેશે. (બિનખેતી સરવે નંબર સિલેક્ટ કર્યેથી તેને ગામ નમુના નં.–૭ મુજબની વિગત જોઇ શકાશે.)<br>
▪ જે પૈકી ઉક્ત પસંદ કરેલ સિટી સર્વે નંબરને સંબંધિત મેપ કરવાપાત્ર બિનખેતી રેવન્યુ સર્વે નંબરનો ગામ નમુના નં.૭ ચાલુમાં હોય (એક કે એકથી વધારે ગા.ન.નં.–૭ ના પાનીયા) તો તેની ચકાસણી કરી તે સર્વે નંબર **"પસંદ"** કરવાનો રહેશે **(રી–સર્વે પ્રમોલગેશન થયેલ તમામ ગામોમાં પ્રમોલગેશન પહેલાં જુના સર્વે નંબર મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને જુના સર્વે નંબર મુજબ જ પ્રોપર્ટીકાર્ડ બની ગયેલ હોય તો જુના સિટી સરવે નંબર મુજબના પ્રોપર્ટીકાર્ડની સામે રી–સર્વે પ્રમોલગેશન બાદના હાલનાં સંબંધિત તમામ નવીન રી–સર્વે નંબર મુજબના સર્વે નંબરો પસંદ કરવાના રહેશે.)**<br>
▪ જો બિનખેતી સર્વે નંબરનો ગામ નમુના નં.–૭ ઈ–ધરા સોફ્ટવેરમાં લાઇવ એટલે કે ચાલતો ન હોય તો **"ગામ નમુના નં.–૭ ચાલુમાં નથી"** તેમ તે બટન પર ક્લીક કરી મેપીંગ કરવાનું રહેશે.<br>
▪ જો ગામ નમુના નં.–૭ લાઇવ હોય તો પ્રોપર્ટીકાર્ડનો ડેટા તથા હાલના ગામ નમુના નં.–૭ ના ડેટાની ચકાસણી કરી નીચે પૈકી લાગુ પડતા કિસ્સા મુજબ મેપીંગની કાર્યવાહી કરવાની રહેશે.<br>
1. **One VF-7 to One Property Card (એક ગા.ન.નં.–૭ સામે એક પ્રોપર્ટીકાર્ડ)**<br>
ગા.ન.નં.–૭ નું એક બિનખેતી પાનીયું ચાલતું હોય તથા તેનું સબંધિત માત્ર મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય, (એક જ ગામ નમુના નં.–૭ ના પાનીયાંમાં સબ–પ્લોટોની નોંધ પડેલ હોય તેવા કિસ્સાઓ સહિત)<br>
2. **One VF-7 to Multi Property Card (એક ગા.ન.નં.–૭ સામે એકથી વધારે પ્રોપર્ટીકાર્ડ)**<br>
એક જ ગામ નમુના નં.–૭ ચાલતો હોય તથા મુળ પ્રોપર્ટીકાર્ડના સબ પ્લોટ મુજબ તથા બહુમાળી મિલકતના કિસ્સામાં એકમ (મલ્ટીપલ) પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય,<br>
3. **Multi VF-7 to One Property Card (એકથી વધારે ગા.ન.નં.–૭ સામે એક જ પ્રોપર્ટીકાર્ડ)**
</td></tr>
</table>

એક કરતાં વધારે ગામ નમુના નં.-૭ (પ્લોટવાઇઝ/એક કરતાં વધુ પૈકી) ચાલતાં હોય તથા એક જ મુળ (મધર) પ્રોપર્ટીકાર્ડ ચાલતું હોય,

4. **Multi VF-7 to Multi Property Card (એકથી વધારે ગા.ન.નં.-૭ સામે એકથી વધારે પ્રોપર્ટીકાર્ડ)**

   એક કરતાં વધારે ગામ નમુના નં.-૭ (પ્લોટવાઇઝ/એક કરતાં વધુ પૈકી) ચાલતા હોય તથા પ્લોટવાઇઝ અથવા બહુમાળી મિલકતના કિસ્સામાં એકમ-વાઇઝ પ્રોપર્ટીકાર્ડ ચાલતા હોય,

- **ઉપર દર્શાવેલ (1) થી (4) કિસ્સાઓ પૈકી લાગુ પડતા કિસ્સા મુજબ** મુળ પ્રોપર્ટીકાર્ડ અથવા પ્લોટવાઇઝ/બહુમાળી મિલકતના કિસ્સામાં એકમ-વાઇઝ બનેલ પ્રોપર્ટીકાર્ડ (એક કે તેથી વધુ) સાથે ગામ નમુના નં.-૭ (એક કે તેથી વધુ) નું મેપીંગ કરી ક્ષેત્રફળ વેરીફાય કરી લાગુ પડતી કેટેગરી **"A, B, C તથા D" મુજબ** ફ્લોચાર્ટ-1 માં દર્શાવ્યા મુજબ આગળની કાર્યવાહી કરી પ્રોપર્ટીકાર્ડ બનેલ હોય તે કિસ્સામાં સંબંધિત ગામ નમુના નં.-૭ બંધ કરવા અંગેની ફેરફાર નોંધ દાખલ કરવાની રહેશે.

- સિલેક્ટ કરેલ સર્વે નંબર મુજબ ગામ નમુના નં.-૭ તથા ૬ ની તમામ વિગત જોઇ શકશે. જેના આધારે મેપીંગ કરવાપાત્ર પ્રોપર્ટીકાર્ડ તથા ગામ નમુના નં.-૭ મુજબનું ક્ષેત્રફળ વેરીફાય કરવાનું રહેશે.
- ઉક્ત વિગતે ડેટા-એન્ટ્રી કરનાર (મે.સ./સિ.સ.) દ્વારા પ્રોપર્ટીકાર્ડ મુજબ ક્ષેત્રફળ વેરીફાય થયેથી નીચે મુજબ **પરિપત્રની કેટેગરી "A, B, C તથા D"** મુજબ જે કિસ્સો લાગુ પડતો હોય તો તે ઓપ્શન સિલેક્ટ થયેથી સિલેક્ટ કરેલ ઓપ્શન મુજબ મેપીંગ કરી ડેટા-એન્ટ્રી કરનાર દ્વારા જરૂરી Remarks દાખલ કરી **સબમિટ કર્યેથી ગામ નમુના નં.-૭ બંધ કરવાના મોડ્યુલમાં વેરીફીકેશન કરનારના લોગીનમાં આગળની કાર્યવાહી માટે ડેટા ઉપલબ્ધ થશે.**

1. કેટેગરી **"A"** – હાલનાં ગા.ન.નં.૭ માં દર્શાવેલ ૧૦૦% ક્ષેત્રફળ બિનખેતી થયેલ કિસ્સા.
2. કેટેગરી **"B"** – રી-સર્વે પ્રમોલગેશન બાદ ક્ષેત્રફળમાં વિસંગતતા (જુના ગા.ન.નં.-૭ નું કૂલ (૧૦૦%) ક્ષેત્રફળ બિનખેતી) ના કિસ્સા.
3. કેટેગરી **"C"** – પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયાના કિસ્સા.
4. કેટેગરી **"D"** – ટી.પી.ના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી થયાના કિસ્સા.

- **કેટેગરી "A":-** ઉપરોક્ત વિગતે જે કિસ્સામાં કોઇ બિનખેતી થયેલ જમીનનાં પ્રોપર્ટીકાર્ડ બનેલ છે અને ગા.ન.નં.-૭ પણ ચાલુમાં હોય તો તે કિસ્સામાં **ગામ નમુના નં.-૭ માં દર્શાવેલ ૧૦૦% ક્ષેત્રફળ મુજબ જ પ્રોપર્ટીકાર્ડનું ક્ષેત્રફળ** મળી રહેતું હોય તો આ પ્રકારના ગા.ન.નં.-૭ નું પ્રોપર્ટીકાર્ડ સાથે મેપીંગ કરી આવા ગા.ન.નં.-૭ બંધ કરવા ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **પરિપત્રની કેટેગરી "A" મુજબ** કાર્યવાહી કરવાની રહેશે.

- **<u>કેટેગરી "B":-</u>** ઉપરોક્ત વિગતે જે ગામોમાં રી-સર્વે યોજના અમલમાં હોય અને આ પ્રકારના ગામોમાં રી-સર્વે પ્રમોલગેશન પહેલાંના કોઇ જુના સર્વે નંબરના કુલ (૧૦૦%) જુના ક્ષેત્રફળ મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તેનું **પ્રોપર્ટીકાર્ડ પણ જુના ક્ષેત્રફળ મુજબ બની ગયેલ હોય** તેમજ હાલમાં રી-સર્વે પ્રમોલગેશન બાદ તેના નવીન રી-સર્વે નંબરના ગા.ન.નં.-૭ ના ક્ષેત્રફળમાં તફાવત આવતો હોય તથા રી-સર્વે બાદ નવીન ક્ષેત્રફળ મુજબ ગા.ન.નં.-૭ માં **તબદીલી થયેલ હોય અથવા નબદીલી થયેલ ન હોય** તો તે કિસ્સામાં પણ ઉપરોક્ત પરિપત્રની કેટેગરી "A" મુજબ જ બિનખેતી ગા.ન.નં.-૭ નું પ્રોપર્ટીકાર્ડ સાથે મેપીંગ કરી આવા ગા.ન.નં.-૭ બંધ કરવા ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **<u>પરિપત્રની કેટેગરી "B" મુજબ</u>** કાર્યવાહી કરવાની રહેશે.

  **<u>નોંધ:-</u>**

  રી-સર્વે થયેલ ગામોમાં જુના ગા.ન.નં.-૭ ના કુલ ક્ષેત્રફળ (૧૦૦%) મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તે બાદ તે સર્વે નંબરમાં રી-સર્વેના કારણે ક્ષેત્રફળમાં વિસંગતતા આવેલ હોય તો આ પ્રકારના કિસ્સાઓ રી-સર્વે ક્ષેત્રફળ વિસંગતતાના કિસ્સામાં ગણાશે એટલે કે <u>રિસર્વે પહેલાંના કુલ ક્ષેત્રફળમાંથી પૈકી ક્ષેત્રફળ બિનખેતી થયેલ હોય તો પૈકી ક્ષેત્રફળ બિનખેતી મુજબના કિસ્સા (કેટેગરી "C") તરીકે ગણવું.</u>

- **<u>કેટેગરી "C":-</u>** ઉપરોક્ત વિગતે કોઇ ગામ નમુના નં.-૭ ના પાનીયામાં દર્શાવેલ કુલ ક્ષેત્રફળનો પૈકી હિસ્સો બિનખેતી થયેલ હોય તેમજ હાલનાં ગામ નમુના નં.-૭ ચાલુમાં હોય તથા પૈકી ક્ષેત્રફળ મુજબ પ્રોપર્ટીકાર્ડ પણ બનેલ હોય તો આ પ્રકારના કિસ્સાઓમાં બિનખેતી ગા.ન.નં.-૭ નું પ્રોપર્ટીકાર્ડ સાથે મેપીંગ કરી આવા ગા.ન.નં.-૭ બંધ કરવા માટે ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **<u>પરિપત્રની કેટેગરી "C" મુજબ</u>** કાર્યવાહી કરવાની રહેશે.

  **<u>નોંધ:-</u>**

  રી-સર્વે થયેલ ગામોમાં જુના ગા.ન.નં.-૭ ના કુલ ક્ષેત્રફળ (૧૦૦%) મુજબ બિનખેતી હુકમ થયેલ હોય અને તે બાદ તે <u>સર્વે નંબરમાં રી-સર્વેના કારણે ક્ષેત્રફળમાં વિસંગતતા આવેલ હોય અથવા ટી.પી. વિસ્તારમાં સર્વે નંબરના કુલ (૧૦૦%) ક્ષેત્રફળના ફાઇનલ પ્લોટ મુજબ બિનખેતી થયેલ હોય તો આ પ્રકારના કિસ્સાઓ **પૈકી બિનખેતી ક્ષેત્રફળમાં ગણાશે નહી.**</u>

- **<u>કેટેગરી "D":-</u>** ઉપરોક્ત વિગતે ટી.પી. વિસ્તારમાં ગામ નમુના નં.૭ ના કુલ ક્ષેત્રફળના એફ.પી. મુજબ બિનખેતી હુકમ થયેલ હોય તેમજ તેનો ગામ નમુના નં.-૭ પણ ચાલુ છે અને તે મુજબ પ્રોપર્ટીકાર્ડ પણ બની ગયેલ હોય તો આ પ્રકારના કિસ્સાઓમાં બિનખેતી ગા.ન.નં.-૭ નું પ્રોપર્ટીકાર્ડ સાથે મેપીંગ કરી આવા ગા.ન.નં.-૭ બંધ કરવા માટે ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **<u>પરિપત્રની કેટેગરી "D" મુજબ</u>** કાર્યવાહી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૨. | **વેરીફીકેશન કરનાર (સિ.સ.સુ./ આઇ.એલ.આર.)** | ▪ ડેટા-એન્ટ્રી કરનાર દ્વારા **ઉપરોક્ત કેટેગરી "A" તથા "B" મુજબ** સબમિટ થયેલ ડેટા વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) ના લોગીનમાં ઉપલબ્ધ થશે. જે ડેટાની વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ચકાસણી કરી વિગતો યોગ્ય જણાયે જરૂરી REMARKS દાખલ કર્યા બાદ **પરિપત્રની કેટેગરી "A" તથા "B" મુજબ** કાર્યવાહી કરવા જનરેટ ઓર્ડર બટન પર કલીક કર્યેથી ગામ નમુના નં.-૭ સાથે પ્રોપર્ટીકાર્ડનું મેપીંગ કરી ગામ નમુના નં.-૭ બંધ કરવા અંગેનો આ સાથે સામેલ રાખેલ **પરિશિષ્ટ-૧** મુજબનો સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ નો હુકમ જનરેટ થશે. જે હુકમ ડાઉનલોડ કરી સહી-સિક્કા કરી તેને અપલોડ કરવાનો રહેશે. જે હુકમ અપલોડ કરી સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ દ્વારા બાયોમેટ્રીક આધારે ડેટા સબમિટ કરવાનો રહેશે.<br>▪ ઉપર મુજબ વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા કામગીરી પૂર્ણ થયેથી બિનખેતી સર્વે નંબરના ગામ નમુના નં.-૭ ના હક્કપત્રકમાં ઉપરોક્ત થયેલ કામગીરી આધારે નીચે મુજબ બિનખેતી સર્વે નંબરના ગામ નમુના નં.-૬ માં ઓટો સ્ક્રિપ્ટ નોંધ દાખલ થશે તથા ફેરફાર નોંધ પ્રમાણીત થયેથી બિનખેતી સર્વે નંબરનો ગામ નમુના નં.-૭ પ્રોપર્ટીકાર્ડ સાથે મેપ થઇને બંધ થશે.<br>▪ ગા.ન.નં.-૭ માં ઓટો સ્ક્રિપ્ટ આધારે દાખલ કરવાપાત્ર ઓટો ફેરફાર નોંધની વિગત નીચે મુજબ છે.<br>▪ **નોંધની વિગત -:**<br>મોજે:......, તા......., જિ....... ના ગામ નમુના નં.-૭ મુજબના સર્વે /બ્લોક નં-....... વાળી જમીનનું જિલ્લો........., સિટી સરવે ઓફીસ.........., સિટી સરવે વોર્ડ........., સિટી સરવે નંબર:.........., ક્ષેત્રફળ(ચો.મી.):............... થી પ્રોપર્ટીકાર્ડ બની ગયેલ હોઈ હવે પછીની તમામ ફેરફાર નોંધો પ્રોપર્ટીકાર્ડમાં કરવાની રહેશે તથા સદરહુ ગામ નમુના નં.-૭ બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.<br>▪ ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **ઉપરોક્ત કેટેગરી "C" મુજબ** સબમિટ થયેલ ડેટા વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) ના લોગીનમાં ઉપલબ્ધ થશે. જે ડેટાની વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ચકાસણી કરી વિગતો યોગ્ય જણાયે જરૂરી REMARKS દાખલ કર્યા બાદ **પરિપત્રની કેટેગરી "C" મુજબ** કાર્યવાહી કરવા ગામ નમુના નં.-૭ ના રેકર્ડ ઓફ રાઇટ્સમાં પડેલ ફેરફાર નોંધોની ચકાસણી કરી **બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગત દર્શાવી પ્રોપર્ટીકાર્ડ મુજબનું ક્ષેત્રફળ ગા.ન.નં.-૭ માંથી કમી કરવા તથા હાલનાં ગા.ન.નં.-૭ માંથી જો કોઇ ધારણકર્તાના નામ કમી કરવાના થતા હોય તો તેની વિગત સાથેનો વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા મેન્યુઅલી વિગતવાર હુકમ કરી** અપલોડ કરવાનો રહેશે.<br>▪ ડેટા એન્ટ્રી કરનાર દ્વારા **ઉપરોક્ત કેટેગરી "D" મુજબ** સબમિટ થયેલ ડેટા વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) ના લોગીનમાં ઉપલબ્ધ થશે. જે ડેટાની વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા ચકાસણી કરી વિગતો યોગ્ય જણાયે જરૂરી REMARKS દાખલ કર્યા બાદ **પરિપત્રની કેટેગરી "D" મુજબ** કાર્યવાહી કરવા ગામ નમુના નં.-૭ ના |

| | | |
|---|---|---|
| | | રેકર્ડ ઓફ રાઇટ્સમાં પડેલ ફેરફાર નોંધોની ચકાસણી કરી **એફ.પી. મુજબ બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગત દર્શાવી પ્રોપર્ટીકાર્ડનું ક્ષેત્રફળ ગા.ન.નં.–૭ માંથી કમી કરી તેટલા ક્ષેત્રફળ પુરતો ગા.ન.નં.–૭ બંધ કરવા અને આ સિવાયનું કપાત મુજબનું બાકી રહેતું ગા.ન.નં.–૭ ના ક્ષેત્રફળનું પાનીયું ચાલુ રાખી તેમાં ઓથોરીટીનું નામ બીજા હક્ક માં દાખલ કરવા બાબતે વેરીફીકેશન કરનાર (સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ/ઇન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડ્ઝ) દ્વારા મેન્યુઅલી વિગતવાર હુકમ** કરી અપલોડ કરવાનો રહેશે.<br>▪ વેરીફાયર દ્વારા ઉક્ત **કેટેગરી "C તથા D"** મુજબ હુકમ અપલોડ કરી **"Save Order and Close VF7"** બટન પર ક્લીક કર્યેથી ડેટા–એન્ટ્રી કરનાર (મે.સ./સિ.સ.) દ્વારા સિલેક્ટ કરેલ ગામ નમુના નં.–૭ માં સદરહુ હુકમ મુજબની હુકમી નોંધ ગામ નમુના નં.–૬ ના હક્કપત્રકમાં દાખલ થશે. હુકમ મુજબ ઈ–ધરામાં ગામ નમુના નં.–૬ માં સ્ક્રિપ્ટ લખી નોંધ પ્રમાણિત થયેથી હુકમ મુજબ ગામ નમુના નં.–૭ માં અસર (અમલવારી) કરવાની કામગીરી ઈ–ધરામાં કરવાની રહેશે.<br>▪ **ઉક્ત વિગતે વેરીફાયર દ્વારા કાર્યવાહી થયેથી બિનખેતી હુકમ આધારે બનેલ પ્રોપર્ટીકાર્ડનું સંબંધિત ગા.ન.નં.–૭ સાથે મેપીંગ થયેથી ગા.ન.નં.–૬ માં ઉપર મુજબ ફેરફાર નોંધ દાખલ થઈ પ્રમાણિત થયેથી ગા.ન.નં.–૭ બંધ થયા પહેલાંની સ્થિતિએ ગા.ન.નં.–૭ ની વિગતો તેમજ બનેલ પ્રોપર્ટીકાર્ડની વિગતો (જીલ્લો, સિટી સરવે કચેરી, સિટી સરવે વોર્ડ, શીટ નંબર, સિટી સરવે નંબર, ક્ષેત્રફળ વિગેરે) AnyROR પર "બિનખેતી હુકમથી બંધ થયેલ સરવે નંબરની વિગતો જાણવા" ના ઓપ્શનમાં જોઈ શકાશે.**<br>▪ ઉપરોક્ત વિગતે કરેલ કાર્યવાહી મુજબ જો પ્રોપર્ટીકાર્ડના ધારણકર્તાની વિગતો અદ્યતન ન હોય તો પરિપત્રમાં જણાવેલ **"પરિપત્રમાં અદ્યતન કરવાની કાર્યવાહી"** માં જણાવેલ વિગતે અદ્યતન કરવાની રહેશે. |